**આજનો સુવિચાર**

જિંદગી ખુલ્લી કિતાબ છે તેનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૨૨ જૂનાગઢ તા.૩૦-૦૪-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 122, Junagadh : Date : 30 April, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# જૂનાગઢના ધારાગઢ વિસ્તારમાં મેગા ડિમોલીશન

## ઐતિહાસીક ઉપરકોટની પાછળના વિસ્તાર સીટી સર્વે નં.૧૪૮૪માં આવેલ ૬૦ થી વધુ ગેરકાયદેસર મકાનો તોડી પડાયા : રૂા.૫૦ કરોડની કિંમતની અંદાજે ૧૬૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવાઈ







જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં ઐતિહાસીક ઉપરકોટના કિલ્લાની પાછળના ધારાગઢ તરીકે ઓળખાતા વિસ્તારમાં આજે સવારથી જૂનાગઢ મનપા તંત્ર, વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, અને સરકારના વિવિધ વિભાગોને સાથે રાખીને મેગા ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અંદાજે ૬૦ થી વધુ મકાનોનું ડિમોલીશન કરવામાં આવ્યું છે અને લગભગ રૂા.૫૦ કરોડથી વધુની કિંમતની ૧૬૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. આજે સવારથી લોખંડી બંદોબસ્ત વચ્ચે ડિમોલીશનની કાર્યવાહી થઈ રહી છે. ૧૦ જેસીબી અને ટ્રેકટરો સહિતના કાફલા દ્વારા ડિમોલીશનની કાર્યવાહી થઈ રહી છે. ધારાગઢ વિસ્તારમાં લોખંડી પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. જેમાં ૩ ડીવાયએસપી, ૯ પીઆઈ, ૨૬ પીએસઆઈ સહિત ૨૬૦ પોલીસ જવાન સહિત ૩૦૦ થી વધુ પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવેલ છે. વરિષ્ઠ વહીવટી અને પોલીસ અધિકારીઓ સતત ખડેપગે ઉપસ્થિત રહી ડિમોલીશનનું મોનીટરીંગ કરી રહ્યા છે. ડ્રોન કેમેરા, દૂરબીન અને વોકી-ટોકીથી સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત PGVCL, આરોગ્ય શાખા અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ સ્થળ પર હાજર છે.

જૂનાનગઢ મનપાની ડિમોલિશનની કામગીરી દરમિયાન અનેક પરિવારો પોતાના ઘર તૂટી જતા ભારે રોકકળ કરી રહ્યા હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ઘણા લોકોએ રડતી આંખે તંત્ર સામે વેદના વ્યકત કરી હતી. સ્થાનિક રહેવાસીઓ જણાવ્યું હતું કે, તેઓ અહીં છેલ્લા ૨૦-૩૦-૪૦ વર્ષથી વસવાટ કરતા હતા. વીજળી અને પાણીના બિલ નિયમિત ચૂકવીએ છીએ ત્યારે અમારું ઘર કઈ રીતે ગેરકાયદેસર થઈ ગયું તે અમને સમજાતું નથી. હવે અમે ઘર વગર ક્યાં જઈશું? આવા બળબળતા ઉનાળામાં ધોમ ધખતા તાપમાં બાળકો, મહિલાઓ, વૃધ્ધો કયાં આશરો મેળવશે. તંત્રએ જરા રહેમનજર રાખવી જોઈએ. તેવી અસરગ્રસ્ત લોકો દ્વારા લાગણી વ્યક્ત થઈ રહી છે.




## દબાણકર્તાઓને નોટિસ પાઠવવામાં આવી હતી, દસ્તાવેજ રજુ કરવાની પુરતી તક આપવામાં આવી હતી, કાર્યવાહી નિયમ મુજબ થઇ રહી છે : જીલ્લા કલેકટર અનિલ રાણાવસિયા



જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરના ધારાગઢ વિસ્તારમાં આજે સવારથી કરવામાં આવી રહેલા ડિમોલીશન અંગે જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયાએ મિડીયા સમક્ષ વાતચીત કરતા જણાવ્યું હતું કે, આ સમગ્ર કામગીરી તંત્ર દ્વારા એક વિચારી-વિમર્શી યોજના હેઠળ અમલમાં મૂકાશે તે રીતે શરૂ કરવામાં આવી છે. ધારાગઢ વિસ્તારમાં લગભગ ૧૪,૦૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન પર ઘણા વર્ષોથી ગેરકાયદેસર બાંધકામો અને વસવાટ ચાલી રહ્યો હતો. આ જમીન શહેરના સિટી સર્વે નં. ૧૪૮૪ હેઠળ આવે છે. તંત્રએ અગાઉ દબાણકારોને નોટિસ પાઠવી હતી અને દસ્તાવેજો રજૂ કરવાની પુરતી તક પણ આપવામાં આવી હતી. પરંતુ દબાણકારો દ્વારા કોઈ અધિકૃત કાગળો રજૂ નહોતા કરાયા, જેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમ જીલ્લા કલેકટરે જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયાએ વધુમાં જણાવ્યું કે, આ ઝુંબેશ માત્ર જમીન મુક્ત કરવા માટેની નથી, પણ સમાજમાં કાયદાનું પાલન અને હક્ક અને ન્યાયની ભાળ સ્થાપિત કરવા માટેના એક નમ્ર અને દ્રઢ પ્રયાસ છે. તેમણે સ્પષ્ટતા કરી કે, આ વિસ્તારમાં કેટલાંક દબાણકારો બુટલેગિંગ અને NDPS જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. અસામાજિક તત્વો માટે હાલનું તંત્ર શૂન્ય સહનશીલતાની નીતિ રાખે છે અને આવા તત્વો વિરુદ્ધ આગળ પણ કડક પગલાં લેવાશે.

જયારે અધિક જિલ્લા કલેક્ટર ચરણસિંહ ગોહિલે જણાવ્યું છે કે, આ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી ગેરકાયદેસર દબાણો થયા હતાં. તંત્રએ અગાઉથી સત્તાવાર નોટિસ પાઠવી હતી અને મકાનમાલિકોને પોતાનો દાવો પુરવાર કરવાનો સમય આપવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં આજે ૬૦ મિલકતો સામે કાર્યવાહી કરાઈ છે. વહીવટી દસ્તાવેજોમાં સ્પષ્ટ છે કે આ જમીન સરકારની માલિકીની છે. આવનારા સમયમાં બાકીના દબાણો સામે પણ કાયદેસર પ્રક્રિયા મુજબ જ કાર્યવાહીની તૈયારી છે અને કોઈપણ પ્રકારની જાતિ ભેદભાવ કે અન્યાય વગર કામગીરી હાથ ધરવામાં આવશે.

જયારે આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, ઉપરકોટ વિસ્તાર નજીક આવેલા ધારાગઢ દરવાજા વિસ્તારમાં ગેરકાયેદસર દબાણો હતા એને દુર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તૈનાત છે. શાંતિપૂર્ણ માહોલમાં ડિમોલિશનની કામગીરી થઈ રહી છે. જે દબાણો દુર કરવામાં આવ્યા છે, જેમાં આઠ જેટલા અસામાજિક તત્વો પણ સંડોવાયેલા છે. તેમના મકાનો પણ તોડી પાડવામાં આવ્યા છે.

## ગરીબોના ઝુંપડા તોડી નાખ્યા, હવે મોટા માથાના દબાણો કયારે દુર કરાશે ?

**જૂનાગઢ મનપાએ ૨૬૦(૨) મુજબ નોટિસ ઈશ્યૂ કરી હોય, તેવા ગેરકાનૂની બાંધકામોનું ડિમોલીશન કયારે થશે ?**

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં વર્ષ ૨૦૨૩માં કાળવામાં આવેલા ભયાનક પુરના પાણીથી ભારે તબાહી સર્જાઈ હતી. ત્યારબાદ મનપા તંત્રએ સર્વે કરીને કાળવાના વોંકળા કાંઠે આવેલ સંખ્યાબંધ ગેરકાનૂની બાંધકામો, ઈમારતોની ઓળખ કરીને કલમ-૨૬૦(૨) મુજબ આવા દબાણો દુર કરવાની નોટિસ આપી હતી, પરંતુ આ નોટિસ પર હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. ખુદ મુખ્યમંત્રીએ બબ્બે વાર સુચના આપી હોવા છતાં પણ આવા મોટા માથાઓના દબાણોને દુર કરવાની તંત્ર હિંમત દાખવી શકયું નથી. જયારે ગરીબોના મકાનો-ઝુંપડા તોડવામાં તંત્રએ અસામાન્ય ઝડપ દર્શાવીને કાર્યવાહી કરી રહ્યું છે. ગેરકાયદેસર દબાણો દુર થવા જ જોઈએ. પરંતુ તેમાં કોઈ ભેદભાવની નીતિ હોવી જોઈએ નહીં. ગરીબોના રહેઠાણો તુટે છે તો, વગદારોની ગેરકાનૂની ઈમારતો પણ તુટવી જ જોઈએ. તેમાં કોઈની શેહશરમ રાખવી જોઈએ નહીં. તેવી ચર્ચા લોકોમાં થઈ રહી છે.

પરંતુ તંત્રની હંમેશા એવી નીતિ રહી છે કે, સોફટ ટાર્ગેટ સામે ત્વરીત અને કડક કાર્યવાહી થાય છે. ત્યારે ગુજરાતી સાહિત્યના પ્રસિધ્ધ સાહિત્યકાર કવીશ્રી કરશનદાસ માણેકની રચના વર્તમાન સંજોગોમાં ખુબ જ બંધ બેસે છે.

**ઘર વિના ઘુમે હજારો, ઠોકરાતા ઠેર-ઠેર,**
**ને ગગનચૂંબી મહેલો, જનસુના રહી જાય છે...**
**દેવડીયે દંડ પામે, ચોર મુઠી જારના,**
**લાખ ખાંડી લૂંટનારા, મહેફીલે મંડાય છે !!!**

**-કરશનદાસ માણેક**









# વાણી વર્તન વિચાર અને વ્યવહાર આ ચાર વ્યક્તિના ચારિત્ર્ય પ્રતિબિંબ છે

"સત્યમ તપો જપો જ્ઞાનમ, સર્વ વિદ્યા કળા અપી, નરસ્ય નિષ્ફલમ સન્તિ, યસ્ય શીલમ ન વિદ્યતે ॥ શ્લોક સમજાવે છે માણસમાં સત્ય, તપ, જપ જ્ઞાન અને સર્વ વિદ્યાઓ, કલાઓ હોય તો પણ જો ચારિત્ર્ય ન હોય તો તે માણસ નિષ્ફળ જાય છે. "વિદેશિશુ ધનમ વિદ્યા વ્યસનેશું ધનમ મતિ:પરલોકે ધનમ ધર્મ:,શીલમ સર્વત્ર વૈ ધનમ ॥" શ્લોક સમજાવે છે "વિદેશમાં ધન વિદ્યા છે, સંકટ સમયે ધન બુદ્ધિ છે પરલોક માં ધન ધર્મ છે, પરંતુ સારૂ ચારિત્ર્ય બધી જગ્યાએ ધન છે." રાષ્ટ્ર નિર્માણ એ વ્યક્તિના નિર્માણ પર આધારિત છે અને વ્યક્તિનું નિર્માણ એટલે તેના ચારિત્ર્યનું નિર્માણ. જીવનના અનેક ઝંઝાવાતો, નિરાશા, દુ:ખના અંધકાર વચ્ચે પણ વ્યક્તિ ટકી જાય છે જો તેનું ચારિત્ર્ય ચમકીલું ઉજ્જવળ બન્યું હોય. આવા પ્રખર દેશવાશીઓથી જ દેશનું ચારિત્ર્ય ઉજ્જવળ હોય છે. કેમ કે વ્યક્તિ જ દેશનો પાયો છે. તેની જ સાથો સાથ, જે દેશ ભવ્ય ઈતિહાસ વાળો હોય, સંપતી અને સંસ્કારમાં સમૃદ્ધ હોય, તેની ભાવી પેઢી પણ એટલી જ સમૃધીવાન ગુણવાન બનશે. આમ દેશ અને દેશવાસી બન્ને એક સિક્કાની બે બાજુ છે. આ માટેના જ્વલંત ઉદાહરણો આપણા દેશમાં જ મળે છે. આપણા દેવતાઓ જેને માતા બનાવવાની ઈચ્છા કરે છે, તે માતૃ ભૂમિના ચારિત્ર્યવાન ખોળે અનેક, ભગવાન જન્મ્યાં છે. તેમજ ત્યાગભૂમિના તપોવનમાં રહી, આત્મ ચિંતનનું અભૂતપૂર્વ સાહિત્ય રચનાર ઋષીઓ થયા છે. એટલું જ નહીં, આવા ચારિત્ર્યવાન રાષ્ટ્રની ગોદમાં અનેક વીરો પણ જન્મ્યા છે. જેવાકે શિવાજી, રાણા પ્રતાપ, રાણી લક્ષ્મીબાઈ અને આજ શૌર્યભીના વીરોની પ્રેરણા મેળવી અનેક સ્વાતંત્ર્ય શહીદો લડ્યા છે. જેઓ એ વિદેશી તાકાતો સામે ઝઝૂમી, સ્વતંત્રતા અંકિત કરી આપી છે. મહાન આધ્યાત્મિક ગુરૂઓથી લઈ, કળા, નૃત્ય, સ્થાપત્યની શ્રુંખલા સર્જી, દેશભક્તિની જ્યોત અહિંસક અને સત્યથી પ્રગટાવી ને મહાન દેશ રક્ષતો ચારિત્ર્ય નો ચકરાવો પૂર્ણ પણે વિકસ્યો છે. આજે આવા દેશ અને દેશવાશીઓ પરસ્પર આધારિત, ચારિત્ર્યની ચર્ચા કરીએ, જેથી નવા સંકેતો મેળવી શકાય. આવો પહેલા ચારિત્ર્ય એટલે શું ? તેની ઝાંખી મેળવીએ. સાવ સાદી પણ અર્થ સભર વ્યાખ્યા સ્વામી વિવેકાનન્દજી આપે છે 'માણસના માનસિક વલણો, ગુણો અને તેની રૂચીઓનો સરવાળો એટલે તેનું ચારિત્ર્ય". આ જ વિષયે ચેતવણી આપતા સ્વામી જી કહે છે." આપણે આજે જે છીએ તે આપણા સેવેલા વિચારના પરિણામ રૂપે છીએ. વિચારો જ જીવે છે. માટે મનના વિચારો પર ખાસ લક્ષ્ય આપજો, આપણા દરેક કાર્ય, દરેક હલનચલનની છાપ આપણા મન પર પડે છે. આ છાપ સંસ્કાર બને છે. પ્રત્યેક માણસનું ચારિત્ર્ય આવા સંસ્કારના સરવાળાથી ઘડાય છે. જો સંસ્કારો શુભ હશે તો ચારિત્ર્ય સારૂ બનશે જો સંસ્કારો ખરાબ હશે તો ચારિત્ર્ય ખરાબ હશે.' આપણે ઘણીવાર વ્યક્તિની વાણી, વર્તણુક, વ્યવહાર, વિચાર જોઈને અભિપ્રાય બાંધીએ છીએ કે "... ભાઈ સમજુ છે કે ભાઈ નકારાત્મક વિચારો વાળા છે, કે ઘણા પોઝીટીવ છે "" કારણ કે અંદરનું ચારિત્ર્ય વ્યક્તિના આ ચાર(વાણી, વર્તન, વિચાર અને વ્યવહાર ) પ્રતિબિંબ છે. આમ ચારિત્ર્ય એટલે વ્યક્તિના હૃદય અને મન, મગજમાં રહેલા નૈતિકતા, પ્રમાણિકતા અને રાષ્ટ્રીયતાના ગુણોનો સરવાળો. વિગતવાર જોઈએ તો : જે વ્યક્તિમાં પ્રમાણિકતા, દયા ,સ્વયમ શિસ્ત, રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભાવ છે. તથા જે સમાજના ઉત્થાન માટેના લક્ષ્ય વાળો છે. તે ઉમદા ચારિત્ર્ય વાળો વ્યક્તિ છે . આવો વ્યક્તિ અન્ય કરતા જુદો પડે છે. તૈતરીય ઉપનીષદમાં ખુબ સરસ રીતે, જુદા જુદા શ્લોકથી કહેલું છે :- જે સદા યુવાન છે, સદાચારી, સદગુણી છે આશાવાન છે, બલિષ્ઠ છે, દ્રઢ નિશ્ચયી છે. તથા જે "પાવક " -હળવી હૂંફાળી આગ જેવો છે તે જ સદચારિત્ર્ય વાન (શિષ્ય) છે." આવા સદગુણો ધરાવતો સમાજ આપોઆપ પરસ્પર વિશ્વાસ વાળો, સહકાર વાળો બની જાય છે. આ બધા ગુણો "રાષ્ટ્રીય ચારિત્ર્ય "ના આવશ્યક ગુણો બને છે. આપણી સંસ્કૃતિ એ વ્યક્તિના ઘડતર માટે, જીવનમાં શુદ્ધિ અને પવિત્રતાને પ્રથમ સ્થાન આપ્યું હતું. આપણા ભવ્ય વારસાના સર્જક આવા ગુણો વાળા જ હતા. યાને આપણે સમાજ જીવનમાં અગ્રેસર લોકોની "પાત્રતા"ને મહત્વ આપ્યું હતું. સાધ્ય અને સાધન શુદ્ધિ બન્ને ને મહત્વ આપી ને જ તેઓની મહાનતાને સ્વીકારી હતી. સામાજિક નેતૃત્વની નાનામાં નાની અશુદ્ધીને આપણે સ્વીકારી નહોતી. કારણ કે ભગવદ ગીતા બહુ સ્પષ્ટ સૂચવે છે કે શ્રેષ્ઠ, મોટા માણસનું અનુસરણ નાના માણસો કરે છે."(અધ્યાય :૩ - શ્લોક ૨૧) આ ઉપરથી આપણા માં કહેવત પડી છે કે યથા રાજા તથા પ્રજા. આ જે તો આ વાત વિસરાઈ ગઈ છે અને કુપાત્રતાના હાથમાં જાહેર જીવનનું નેતૃત્વ આવી ગયેલું અનુભવાય છે. પરંતુ સમાજના અને રાષ્ટ્રના ચારિત્ર્યનો આધાર "વ્યક્તિ" છે વ્યક્તિની પાત્રતા છે, સંપતી કે સાધન નહીં. તેમજ વ્યક્તિગત સદચારિત્ર્ય વાળા પાત્ર પણ પૂરતા નથી, દેશ માટે તો સદ ચારિત્ર્ય +રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્ર ભક્તિનો ગુણ જોડાયેલો હોવો જરૂરી છે. આવું ચારિત્ર્ય લાવવા વ્યક્તિને નાનપણ થી "સેવા ભાવના " વાળો બનાવવો જોઈએ. દેશ અને દેશના લોકો, બન્નેનું ચારિત્ર્ય મજબુત હોવું જરૂરી છે આપણે ઘણા સજ્જન, ઘણા ઉમદા વ્યક્તિઓ છીએ પણ શું આપણે રાષ્ટ્રપ્રેમથી ઓતપ્રોત છીએ ?? રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા સદગુણો જેટલી જ ઉમદા છે ખરી?? (ઈતિહાસમાં અને આજે પણ, જયચંદો અનેક રૂપમાં છે જ ને !!) તેનાથી વિપરીત, ઘણા ઉમદા રાષ્ટ્ર પ્રેમ વાળા નેતા લોક, વ્યક્તિગત રીતે ભ્રષ્ટતા થી ભરેલા નથી નજરે પડતા?? ! યાને ચારિત્ર્ય અંદર-બહાર અને સીમાની પેલે પાર, ફેલાયેલું હોવું જોઈએ. આ સાબિત કરે છે કે વ્યક્તિ નિર્માણ એ ચારિત્ર્ય વાન રાષ્ટ્રનો પાયો છે. અને એટલે જ મજબુત ચારિત્ર્યવાળા ઘડાયેલા વ્યક્તિઓનો સમૂહ રાષ્ટ્રને મજબુતી આપે છે. જેમકે જાપાન. બીજા વિશ્વ યુદ્ધમાં લગભગ નાશને કિનારે પહોંચેલ રાષ્ટ્ર પોતાના દ્રઢ નિશ્ચયી, સખ્ત મહેનતુ, અને પારાવાર શિસ્ત વાળા લોકોની બદૌલત આજે વિશ્વ અર્થકારણ માં અગ્રેસર થઈ ગયું છે . જયારે બીજા નુકશાન પામેલા રાષ્ટ્રો હજી ઊભા થઈ રહ્યા છે. આ છે વ્યક્તિના ચારિત્ર્ય ની રાષ્ટ્ર પરની અસર!!. અલબત કોઈપણ દેશના લોકોની વર્તણુક, વાણી,વ્યવહારને જેતે દેશની પંચભૂત પ્રકૃતિ(દેશની માટી, હવા પાણી ) ઘણી અસર કરે છે. દેશના લોકો નો ઈતિહાસ, અપનાવેલ ટ્રેડીસન , કસ્ટમ, દેશનું સાહિત્ય વગેરેની છાપ, દેશ અને દેશવાસીઓના ચારિત્ર્ય ઘડતરમાં મહત્વનો ફાળો આપે છે. આપણા સૌભાગ્ય છે કે આપણો દેશ ભવ્ય વિરાસત વાળો બહુરંગી ઈતિહાસ વાળો, સમૃદ્ધ સાહિત્ય વાળો, સદી ઓ જુનો છે. જેણે આપણને ઠરેલ, સહિષ્ણુ, દયાવાન બનાવ્યા છે. આમ ચારિત્ર્ય, તે દેશના લોકોની સાઈકોલોજી, અનથ્રોપોલોજી, સોસીયોલોજીનો વિષય બની જાય છે, તો પછી શું હોય શકે દેશનું ચારિત્ર્ય ?? યાને નેશનલ કેરેક્ટરની વ્યાખ્યા શું?? "દેશનું ચારિત્ર્ય- યાને "નેશનલ કેરેક્ટર"ની વ્યાખ્યા જોઈએ તો "જે તે દેશના લોકોની ટેવ, માનસિક વલણ, દ્રઢ નિર્ણય શક્તિ , વિશ્વાસ, શ્રદ્ધા, માન્યતા અને અને અભિપ્રાયોનો સરવાળો, એ તે દેશનું ચારિત્ર્ય બને છે, કે જેના વડે તે અન્ય સોસાયટી સાથે વ્યવહાર કરે છે. એક રીતે આ ""નેશનલ કલ્ચર "" છે જે દેશ અને દેશવાસીઓ ની નિર્ણય પ્રક્રિયા નો પાયો બને છે. આ ચારિત્ર્ય દેશ - દેશો વચ્ચેના રાજકીય, સંરક્ષણ, સામાજિક અને વાણિજ્ય ના વ્યવહારોને અસર કરે છે. ધંધાકીય ભાગીદારી, કે મલ્ટી નેશનલ ધંધાને ઘડે છે. સાવ શરૂઆતથી દેશોના વ્યક્તિઓની મુલાકાતોની "પ્રોટોકોલ પ્રોસેસ "થઈ લઈ, **samit** (ટોચના નેતાઓની મિટિંગ)નો આધાર નક્કી થાય છે. જેમકે હસ્તધૂનનની(નમસ્કાર, હાથ મિલાવવા)રીત, ડ્રેસ કોડ(કોટ પેન્ટ, કે ધોતી જભ્ભો) **distance**, ટેબલ મેંનર્સ મજાક, બોલચાલ, ખાવાપીવાની રીતરસમ, વાનગી વગેરે દેશોના ચારિત્ર્યથી નક્કી કરાય છે. છેક વર્લ્ડ વોરના સમયથી માંડી, આ જ સુધી આ વિષયે , જુદા જુદા સંગઠનો, યુનીવર્સીટીઓએ દેશોના ચારિત્ર્ય પર સર્વે, સંશોધન કર્યા છે. વિશ્વ યુદ્ધના સમયે નેશનલ કેરેક્ટર વિષય પરની સ્ટડીની બોલબાલા હતી. છેલ્લો, ૧૯૫૩માં થયેલ "મીડ અને મેત્રોક્સ " દ્વારા થયેલ સર્વે પ્રસિદ્ધ છે. જેમાં બહારના દેશના વ્યક્તિઓની"''' બાલ ઉછેર ની રીતભાત, સામાજિક કસ્ટમ્સ, અરસપરસના વ્યવહારો" વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેને "ક્લુઝ ઓફ કસ્ટમરી એટીટ્યુ" નામ આપેલું. સૂર્યના કિરણ ભલે સફેદ લાગે પણ અંદર તો સાત રંગ સમાયેલા છે. આપણો દેશ અનેક ભાષા, રીતરીવાજો, વ્યવહાર, વાણી, સંપ્રદાયો, વિચારો વગેરેની વિવિધતા વાળો છે પણ છે તો આખરે શાંતિ, ભાઈચારા, દયા કરૂણાને ઉજાગર કરનારો દેશ આ છે આપણું રાષ્ટ્રીય ચારિત્ર્ય ! બુદ્ધની કરૂણા છે ! તો સુભાષ અને શિવાજીનું લડાયક ખમીર પણ છે ! હિમાલયની ઉચ્ચ ચોટીઓ પર અનેક અધ્યાત્મિકતાની આરાધના કરતા ઋષીઓ છે તો ગામડે ગામડે જનતાની સેવા કરતા સદાવ્રતો, જલારામ, ભોજલરામ, અરે કચ્છના રણમાં પાણી અને રોટલાના ટુકડા ખવડાવતા અલ્ગારીઓ છે ! આ છે આપણું વ્યક્તિ ચારિત્ર્ય !! તેનસિંગ, હિલરી એવરેસ્ટ પર પહોચી શક્યા. પણ કયારે ? સાથે નેપાળી ભૂતાની શેરપા હતા ત્યારેને!! ચારિત્ર્યને સમજવા વ્યક્તિ, રાષ્ટ્રના ભાગ જરૂર પાડીએ પણ આખરે તો પાયો વ્યક્તિ છે. વ્યક્તિ નિર્માણ છે. કાશ ! આપણું શિક્ષણ, માતા-પિતા, સમાજ આ વાતનું ઊંડાણ સમજે !! પણ કમનસીબે, માતૃત્વ મોબાઈલમાં વ્યસ્ત છે, પિતૃત્વ પૈસામાં પસ્ત છે ! અને બાળક એકલું એટલું અસ્તવ્યસ્ત છે ! કોણ છે આ બાળકનું ??? શેરીઓ અને ગલીઓમાં પનપતું બાળપણ એ ભવિષ્યનું રાષ્ટ્ર છે. તેમ સમજી માવજત કરીએ. રાષ્ટ્રનું ઉજ્જ્વળ ચારિત્ર્ય, આ બાળપણ માં છે, આ સ્વીકારી રાષ્ટ્ર પુરૂષને સર્વગુણ સંપન્ન કરી વિશ્વગુરૂ બનાવીએ.

- ત્રિલોક ઠાકર

# માધવપુરના ડો.આંબેડકર ચોકમાંથી તા.૨ મેના રોજ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવાશે



**માધવપુરમાં ડો. આંબેડકર ચોકમાંથી ગેરકાયદે દબાણ હટાવવા આડે માત્ર ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે તંત્રની ચુપકીદી સામે ઉઠતા અનેક સવાલ : આ પહેલા મોટા ઉપાડે આવીને મોટી જાહેરાતો કરી દેવાય હતી અને હવે દબાણ હટાવવા આડે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે આવા સમયે તંત્રએ મોન સાંધી લેવા સામે અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે**

(શાંતિલાલ મેવાડા દ્વારા)

માધવપુર ઘેડ તા.૩૦

પોરબંદર તાલુકાના આવેલ માધવપુર ઘેડ ગામે આવેલ શહેરના પાદરમાં આવેલા ડો.આંબેડકર ચોકમાં છેલ્લા કેટલાક વર્ષોથી આડેધડ ગેરકાદેસરના બાંધકામો ખડકાય જવાથી આંબેડકર ચોકની જગ્યા સદંતર દબાય જવા પામી હતી. અમુક લોકોએ તો જાણે કોઈ પૂછવા વાળું ના હોય તેવું સમજીને ચોકની વસોવાસ ગેરકાયદે દુકાનો બનાવી લેવામાં આવેલ હતી. આવા ગેરકાયદે બાંધકામો અને દુકાનોના દબાણો હટાવવાને સ્થાનિક ગ્રામ પંચાયતના જવાબદાર સત્તાવાળાઓએ પગલા ભરવાને બદલે દબાણકર્તાઓને સપોર્ટ કરી રહ્યા હોવાથી માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે અહીંના સામાજિક કાર્યકર અને અનુ. જાતિના અગ્રણી શાંતિલાલ મેવાડાએ જાગૃતિ દાખવીને પોરબંદરના જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સહિતનાઓને છેલ્લા તેર વર્ષથી અનેક વખત રજૂઆતો કરવામાં આવી રહી હતી તેમજ આ પ્રશ્નને જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં પણ બે ત્રણ વખત રજૂ કરવામા આવેલ હતો તેમ છતાં માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલી ના હતી અને સ્થાનિક ગ્રામ પંચાયતના જવાબદાર સત્તાવાળાઓએ તો માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણો અને બાંધકામો હટાવવા ના પડે તેવા હેતુથી કોઈપણની મંજુરી લીધા વિના ગેરકાયદેસર રીતે પેશકદમી વાળી દુકાનોને વર્ષ ૨૦૧૮ માં દબાણકર્તાઓને વર્ષ ૨૦૨૦ સુધી ત્રણ વરસના ભાડા પટ્ટે આપી દેવામાં આવેલી હતી અને વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૦ના ભાડા પટ્ટાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં આવી દુકાનો દબાણકર્તાઓના કબજામાં હોવાનું માધવપુરના સામાજિક કાર્યકર શાંતિલાલ મેવાડાને ધ્યાને આવતા માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણોને હટાવવા માટે વર્ષ ૨૦૨૩માં ફરી વખત રજૂઆતો કરવામાં આવેલ હતી. આ પ્રશ્નને ફરી વખત જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલ હતો તેમજ જિલ્લા પોર્ટલમાં પણ અરજી દાખલ કરવામાં આવી હતી અને આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણો હટાવવા માટે રાજયના મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવેલી હતી. ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી પહેલા માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણોને દૂર કરવામાં નહિ આવેતો પોતાની આગેવાની હેઠળ માધવપુરના આંબેડકર ચોકમાં ઉગ્ર આંદોલન કરવાની અને જરૂર જણાયે આત્મ વિલોપન કરવાની પણ ચીમકી આપવામાં આવેલી હતી. જેથી જીલ્લા વહીવટી તંત્રના જવાબદાર સત્તાવાળાઓ સફાળા જાગૃત બન્યા હતા અને માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે વાણિજ્ય બાંધકામો હટાવવા માટે મકમ બન્યા હતા પરંતુ માધવપુર ગામે લોકમેળો યોજાનાર હોવાથી માધવપુરના લોકમેળા પછી માધવપુરના આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી હાથપર ધરવામાં આવશે તેવી ખાત્રી સામાજિક કાર્યકર શાંતિલાલ મેવાડાને જીલ્લા વિકાસ અધિકારીએ આપતા આવી ખાતરી મળવાથી આંબેડકર ચોકમાં ઉગ્ર આંદોલન કરવાનું મુલીતવ રાખવામાં આવ્યું હતું અને તંત્રએ તેમના કહેવા મુજબ માધવપુરના આંબેડકર ચોકમાંથી ગેરકાયદે દબાણોને હટાવવા માટેની કાર્યવાહી વેગવંતી બનાવી હતી અને ગત તારીખ ૨૩-૪-૨૦૨૫ના આંબેડકર ચોકમાંથી દબાણો હટાવવાની કાર્યવાહી કરવામાં આવનાર હતી અને પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે તાલુકા વિકાસ અધિકારીએ જુદી જુદી ટીમોની પણ નિમણૂક પણ કરવામાં આવી હતી અને આ અંગેના અહેવાલો પણ અખબારોમાં છપાયેલા પરંતુ સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી મંત્રીની કોઈ ભૂલના કારણે આ તારીખે આંબેડકર ચોકમાંથી દબાણો હટાવવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી અને અચાનક અટકાવી દેવામાં આવતા લોકમુખે અનેક તર્કવિતર્ક થઈ રહ્યા હતા. આ અંગે સામાજિક કાર્યકર શાંતિલાલ મેવાડાએ પોરબંદરના જીલ્લા વિકાસ અધિકારી સાથે તેમજ તાલુકા વિકાસ અધિકારી સાથે ટેલિફોન પર માહિતી જાણતા તેઓએ જણાવ્યું હતું કે નામ.સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ દબાણકર્તાઓને પંદર દિવસની મુદત આપવાની થતી હોય છે તેના બદલે સાત દિવસની સરપંચ અને તલાટી મંત્રીએ આપેલી હોવાથી તેઓએ પોતાની ભૂલ કબૂલ કરીને ફરી વખત લેખિતમાં આપી ગયેલા છે. જેથી હવે પછીની તારીખ ૨-૫-૨૦૨૫ના માધવપુર ગ્રામ પંચાયત દ્વારા આંબેડકર ચોકમાંથી આવા દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પરંતુ સવાલ એ થાય છે કે આટલી મોટી ભૂલના કારણે તંત્રએ મોટા ઉપાડે આવીને ૨૩-૪-૨૫ના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવનાર હોવાની હવામાં જાહેરાતો કરી દેવામાં આવેલ હતી તેનું શું ? જે થયું તે થયું પરંતુ ફરી વખત દબાણકર્તાઓને નવી તારીખ આપવામાં આવેલી છે તેનો પણ આજે આઠ દિવસ જેવો સમય થવા આવ્યો છે. આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે દબાણો હટાવવા આડે માત્ર ગણતરીની કલાકો બાકી રહી છે તેમ છતાં આ બાબતે જિલ્લા વહીવટી તંત્રના જવાબદાર સત્તાવાળાઓ હજુ મોન કેમ છે કે મગનું નામ મારી પાડતા નથી. આની પહેલા તારીખ આપવામાં આવેલી હતી તેની જાહેરાતો તો જોરચોરથી કરવામાં આવેલી હતી અને હવે જે તારીખ આંબેડકર ચોકમાંથી દબાણ હટાવવાની આપવામાં આવેલી છે તે બાબતે કેમ ચુપકીદી સાંધી લેવામાં આવેલી છે તેવા વિગેરે વિગેરે પ્રશ્નો માધવપુરની જનતામાં ઉદભવી રહ્યા છે અને કહેવાય રહ્યું છે કે ૨-૫-૨૫ના આંબેડકર ચોકમાંથી દબાણો હટાવવાની કાર્યવાહી તો હાથપર ધરવામાં તો આવશે કે પહેલાની જેમ હવામાં ઓગળી તો નહિ જાયને તેવા અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે ? હા માત્ર સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ગામની અંદર જાહેરમાં નોટિસ જારી કરવામાં આવેલી આ સિવાયની અન્ય કોઈ જાહેરાત કરવામાં આવેલી નથી તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

જો ખરેખર માધવપુરના ડો. આંબેડકર ચોકમાંથી આવા ગેરકાયદે બાંધકામો અને દબાણો હટાવવા સ્થાનિક ગ્રામ પંચાયતના જવાબદાર સત્તાવાળાઓ કાર્યરત હોય તો લોકો સમક્ષ પહેલાની જેમ આ વખતે પણ માધવપુરના આંબેડકર ચોકમાંથી દબાણો હટાવવાની જાહેરાતો કરવી જોઈએ તેવું લોકો ઈચ્છી રહ્યા છે અને ખાસ કરીને આ બાબતની રજૂઆત કરનાર સામાજિક કાર્યકર અને અનુ. જાતિના અગ્રણી શાંતિલાલ મેવાડાએ માંગણી ઉઠાવી છે.

# સાળંગપુરધામ ખાતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં અખાત્રીજ નિમિતે યોજાયો ભવ્ય આમ્રોત્સવ : ૨૦૦૦થી વધુ કિલો કેરીનો અન્નકૂટ



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૩૦-૪-૨૦૨૫ને બુધવાર, અખાત્રીજ (અક્ષયતૃતીયા) એવં પરશુરામ જયંતી નિમિતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ જરદોશી વર્કવાળા વાઘાનો શણગાર કરાયો છે. સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. શ્રી હનુમાનજી દાદાને કેરીઓ ધરાવી તથા દાદાના સિંહાસનને કેરીઓ દ્વારા શણગાર એવં ૨૦૦૦થી વધુ કિલો કેરીનો ભવ્ય અન્નકૂટ કરવામાં આવ્યો હતો. દાદાના વિશેષ આમ્રોત્સવ દર્શનનો લાભ અનેક હરિભકતોએ લઈ ધન્યતા અનુભવી હતી. પૂજારી સ્વામીએ જણાવ્યા મુજબ, આજે અખાત્રીજના પવિત્ર દિવસે દાદાને કચ્છ, ગીર અને વલસાડની કેરી સાળંગપુરની વાડીની ૨૦૦૦થી વધુ કિલો કેરીનો અન્નકૂટ અને શણગાર કરાયો છે. આ કેરીનો પ્રસાદ અને રસ સમઢિયાળામાં આવેલા આશ્રમમાં મંદબુદ્ધિના બાળકોને આપવામાં આવે છે. આ ઉપરાંત અહીં સાળંગપુરમાં ભોજનાલયમાં પણ આ કેરીનો રસ ભક્તોને પીરસવામાં આવશે. આ ઉપરાંત વૃંદાવનમાં ૨૦ દિવસની મહેનતે બનેલા જરદોશી વર્કવાળા વાઘા દાદાને પહેરાવ્યા છે જેમાં ફુલની ડિઝાઈન છે.

# મીઠાપુર નજીક મનસ્વી રીતે રેલવે ફાટક ખોલી આપતા ગેટમેન સામે ફરિયાદ : મંજૂરી વગર એમ્બ્યુલન્સ માટે ફાટક ખોલી આપ્યું હતું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ઓખા મંડળના મીઠાપુર નજીકથી પસાર થતા સૌરાષ્ટ્ર મેઈલના આગમન પૂર્વે મંજૂરી વગર એમ્બ્યુલન્સ માટે ફાટક ખોલી આપનારા ગેટમેન સામે સેક્શન એન્જિનિયર દ્વારા ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે મૂળ બિહાર રાજયના નાલંદા જિલ્લાના વતની અને હાલ મીઠાપુર રેલવે કોલોની કવાર્ટરમાં રહી અને સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા રાજારામ સુરેશભાઈ પ્રસાદ નામના ૪૩ વર્ષના રેલવે અધિકારીએ મીઠાપુર તાબેના ભીમરાણા ગામે રહેતા અને તાજેતરમાં ગેટ મેન તરીકે નોકરીમાં જોડાયેલા શ્રવણભા હઠીયાભા માણેક સામે મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે મંગળવાર તા. ૨૯ ના રોજ સવારે ઓખાથી મુંબઈ તરફ જઈ રહેલા ૨૨૯૪૬ સૌરાષ્ટ્ર મેઈલને ભીમરાણા ગામના ફાટક નંબર ૩૦૦ પાસે અટકાવી દેવામાં આવ્યો હતો.

આ અંગે ગેટમેન શ્રવણભા માણેકને રેલવે અધિકારી રાજારામ પ્રસાદએ ફોન કરીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે આ ફાટક પાસેથી પસાર થતી એક એમ્બ્યુલન્સમાં ડીલેવરી પેશન્ટ હોવાથી તેમને ઈમર્જન્સી હોવાનું જણાવતા તેમણે બંધ રહેલું આ ફાટક ખોલી આપ્યું હતું. જો કે આ ફાટક ખોલવા પૂર્વે તેમના દ્વારા ઉપલા અધિકારીની મંજૂરી લેવામાં આવી ન હતી અને ફાટક ખોલીને તેમણે એમ્બ્યુલન્સને જવા દીધી હતી.

જેથી સૌરાષ્ટ્ર મેઈલના લોકો પાઈલોટએ ફાટક ખુલ્લુ હોવાથી ટ્રેન ભીમરાણા ગામ નજીક થોભાવી દીધી હતી. મંજૂરી વગર ફાટક ખોલી આપવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય શકે અને તેમાં મનુષ્યના મૃત્યુ પણ થઈ શકે તેવી પૂરી શક્યતા હોવા છતાં પણ ગેટમેન શ્રવણભા માણેકે બેદરકારી દાખવીને ફાટક ખોલી નાખ્યાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. ઉપરોક્ત ગેટમેનએ સિક્યુરિટી વિભાગમાંથી ગત તારીખ ૧૩ એપ્રિલના રોજ નોકરી જોઈન્ટ કરી અને ત્યારબાદ તેમને ૧૩ થી ૨૫ એપ્રિલ સુધી ગેટમેન તરીકેની તાલીમ આપવામાં આવી હતી અને તારીખ ૨૬ એપ્રિલથી તેમણે ભીમરાણા રેલવે ફાટક નંબર ૩૦૦ ઉપર ગેટ મેન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે મીઠાપુર પોલીસે બીએનએસ તેમજ રેલવે એકટની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ મીઠાપુરના પી.એસ.આઈ. આર.પી. રાજપુત દ્વારા હાથ ધરવામાં આવી છે.

# માંગરોળને પાણી પૂરૂ પાડતો ભાદ્રેચા ડેમ તૂટી જતા ૪૭ લાખના ખર્ચે રિપેરિંગની કામગીરી હાથ ધરાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળ તાલુકાના કામનાથ મંદિર નજીક આવેલ ભાદ્રેચા ડેમના કાંઠે આવેલ કૂવાના પાણીથી માંગરોળની પ્રજાને પાણી પૂરૂ પાડવા આવે છે. જે ડેમ તૂટવાના કારણે માંગરોળને પાણી મોટી સમસ્યા ઉભી થવા પામેત પણ ચોમાસા પહેલા તત્કાલિક રિપેર કરવા માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા રાજ્ય સરકારમાંથી ૪૭ લાખ મજૂર કરવી તાત્કાલીક ધોરણે કામ શરૂ કરવામાં આવી હતી અને માંગરોળનો પાણી પ્રશ્ન હાલ કરવાની કામગીર હાથ ધરવામાં આવી છે. જેમાં માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા, નગરપાલિકા પ્રમુખ ક્રીષ્નાબેન થાપણિયા, શહેર પ્રમુખ લીનેશ સોમૈયા સહિત ગ્રામજનો સાથે મળી ૪૭ લાખ રૂપિયાના ખર્ચ રિનોવેશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# માંગરોળ નાંદોલા પરિવારમાં નેત્રદાન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

ગઈકાલ તા.૨૯-૪-૨૫ના સંધ્યા સમયે સુરેન્દ્રભાઈ મગનલાલ નાંદોલા ગૌલોકવાસી થતાં પરિવાર દ્વારા સદગતનું ચક્ષુદાન કરવાનો વિચાર સેવાભાવી એવા પ્રફુલ્લ કાકા નાંદોલા સામે વ્યક્ત કરતાં કાકા દ્વારા આરેણા શિવમ્ ચક્ષુદાન કેન્દ્રને નેત્ર કલેકશન માટે જાણ કરી હતી. ચક્ષુદાન માટે અધ્યારૂ હોસ્પિટલના હર્દિપસિંહ જેઠવાએ આવી સ્વર્ગસ્થ સુરેન્દ્રભાઈના ચક્ષુદાનનું કલેક્શન કર્યું હતું. આ ચક્ષુદાનનો સ્વિકાર વડિલ પ્રફુલ કાકા દ્વારા કરવામાં આવ્યો હતો અને આઈ બેંકએ ચક્ષુદાન પહોંચાડવાની વ્યસ્થાને જવાબદારી અરૂણભાઈ સોલંકી દ્વારા નિભાવેલ છે. આ સમયે મહેશભાઈ મેરવાણા દ્વારા પણ યોગ્ય માર્ગદર્શન કરેલ છે. ચક્ષુદાનનો નિર્ણય જીગ્નેશભાઈ નાંદોલા અને રૂપેશભાઈ નાંદોલા દ્વારા પોતાના પરિવારના મોભીની દ્રષ્ટિ અમર બનાવા માટે કરવામાં આવ્યો હતો અને સદગતના નેત્રોથી બે અંધજનોને જીવનમાં દ્રષ્ટિરૂપી પ્રકાશ પથરાશે.

# ગીર-સોમનાથ જિલ્લાના ધામળેજ પે. સેન્ટર શાળામાં સન્માન સમારોહ યોજાયો



જૂનાગઢ તા.૩૦

તારીખ ૨૯-૪-૨૦૨૫ના રોજ જનજાગૃતિ અભિયાન અંતર્ગત તાલાળા મતવિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ ડી. બારડ દ્વારા ધામળેજ મુકામે રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા માલાભાઈ જે. ઝાલા, પર્યાવરણ સરક્ષણ એવોર્ડ ૨૦૨૫ તેમજ રાજ્ય કક્ષાએ સંશોધન પેપર રજુ કરનાર અજીતભાઈ પી. પરમાર તથા શાળાની તમામ પ્રવૃત્તિના ઈનોવેટીવ શિક્ષક એવા ભરતભાઈ પી. વાળાનું શાલ અને મોમેન્ટ આપી સન્માન કરાયું હતું. ઉપરાંત પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા બે ખેડૂતનું પણ સન્માન થયું હતું. શાળામાં વિવિધ રમતો સાથે સંકળાયેલા છ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ રમેલા હતા એમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું તેમ ધામળેજ પે.સેન્ટર શાળાના શિક્ષક અજીતભાઈ પી.પરમાર દ્વારા જણાવવામાં આવેલ છે.

## દુઃખદ અવસાન / ઉઠમણું



દ્વારકા નિવાસી જયસુખલાલ હરિદાસ ભાતેલિયા (ઉ.વ.૮૭) તે અશોક ભાતેલિયા (પત્રકાર), ધર્મેન્દ્ર ભાતેલિયા (ફોટોગ્રાફર) તેમજ પ્રજ્ઞાબેન અરવિંદકુમાર પાબારી (ઓખા), પ્રતિમાબેન મોહનલાલ કાનાણી (લાંબા) અને ગં.સ્વ.શીલાબેન ઉપેન્દ્રકુમાર પંચમતિયા (મીઠાપુર)ના પિતાશ્રી, વિવેક અને નિલકેશના દાદા તેમજ બારાઈ (ઓરિસ્સાવાળા)ના જમાઈનું તા.૨૯-૪-૨૦૨૫ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તા.૧-૫-૨૦૨૫, ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૫:૦૦ દરમિયાન મણીબેન ટાઉનહોલ, હોસ્પિટલ રોડ, દ્વારકા મુકામે રાખે છે. મોસાળપક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

# ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા 'બિયોન્ડ ધ બુકઃ લેટ્સ ટોક'નું અનોખું આયોજન




જૂનાગઢ, તા.૩૦

ડો.સુભાષ યુનિવર્સિટી, જુનાગઢના લાઈબ્રેરી વિભાગ દ્વારા વિશ્વ પુસ્તક દિનના સંદર્ભમાં 'બિયોન્ડ ધ બુકઃ લેટ્સ ટોક' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ્ય પુસ્તકોની ચર્ચા અને વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો હતો.

આ પ્રસંગે યુનિવર્સિટીના સભ્યો દ્વારા વિવિધ પ્રેરણાદાયી, શૈક્ષણિક અને વિચારોને ખીલવતા પુસ્તકો પર વિચાર વિમર્શ કરવામાં આવ્યો. દરેક સભ્યે પોતાની પસંદગીની પુસ્તકની સમીક્ષા રજૂ કરી અને તેમાં રહેલા મર્મ અને સંદેશ પર પ્રકાશ પાડ્યો હતો.

આ કાર્યક્રમ ખૂબ જ સફળ અને ફળદાયી સાબિત થયો સાથે ઉપસ્થિત તમામને પુસ્તકો પ્રત્યે નવી દ્રષ્ટિ અને વાંચન માટે પ્રેરણા મળી. લાઈબ્રેરી વિભાગ દ્વારા આવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેમાં વાંચન પ્રત્યે રૂચિ વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા અને પ્રોવોસ્ટ ડો.દીપક પટેલે આ આયોજન બદલ લાઈબ્રેરી વિભાગ તેમજ ભાગ લેનાર તમામ સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ભગવાન સુર્યનારાયણના સાડા ત્રણ દિવસના ઉપવાસ અંતર્ગત
# જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે મુસાફરોને શરબત વિતરણનો કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૩૦

કાઠી સમાજ દ્વારા ભગવાન સુર્યનારાયણના સાડા ત્રણ દિવસના ઉપવાસ કરવામાં આવે છે. આ અનુસંધાને ગઈકાલે તા.૨૯/૪/૨૦૨૫ને મંગળવારે જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે કર્મચારી મંડળના પ્રમુખ ગભરૂભાઈ લાલુની આગેવાની હેઠળ સુર્યનારાયણ ભગવાનની પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે આવતા જતા મુસાફરોને શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જૂનાગઢ ડેપોના મોટી સંખ્યામાં સ્ટાફ હાજર રહ્યો હતો અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૂનાગઢ એસ.ટી. કાઠી સમાજે જહેમત ઉઠાવી હતી.

# અદાણી યોગ પ્રશિક્ષક સ્મિતાકુમારીનો ચમત્કાર, ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં બે વાર નામ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦



અદાણી જૂથમાં યોગ પ્રશિક્ષક સ્મિતા કુમારીએ યોગની દુનિયામાં ફરી ડંકો વગાડ્યો છે. તેમણે સર્વાધિક સમય સુધીસૌથી મુશ્કેલ આસનોકરી બીજી વાર ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ (GWR) માં નામ નોંધાવ્યું છે.ફેબ્રુઆરી-૨૦૨૫માં સ્મિતાએ ઉપવિષ્ટ કોનાસનમાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૨ કલાક, ૩૩ મિનિટ અને ૩૭ સેકન્ડ સુધી તેમાં સ્થિર રહેવાનો રેકોર્ડ સર્જ્યો છે. અદાણી કોર્પોરેટ હાઉસ ખાતે ચેરમેન ગૌતમ અદાણીના હસ્તે સ્મિતાને આ એવોર્ડ એનાયત કરાયો હતો.

અગાઉ વર્ષ ૨૦૨૨ માં સ્મિતાએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ (GWR) બનાવ્યો હતો. જેમાં મુશ્કેલ યોગ મુદ્રા સમકોણાસનમાં સૌથી લાંબા સમય સુધી સ્વયંને રાખવાનો હતો. સ્મિતાએ ૩ કલાક, ૧૦ મિનિટ અને ૧૨ સેકન્ડ સુધી સમકોણાસનમાં રહેવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો.સ્મિતાની આ જબરદસ્ત સફળતા પાછળ અદાણી ગ્રુપના સિનિયર યોગ પ્રશિક્ષક સાગર સોની અને કોર્પોરેટ હેલ્થકેર ટીમનો સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન હતું.

'અમે કરીને બતાવીએ છીએ' એ ફિલસૂફીને અનુસરીનેસ્મિતા માત્ર એક રેકોર્ડથી સંતુષ્ટ ન થઈ. ૬ મહિના સુધી ઉપવિષ્ઠ કોણાસનનો અભ્યાસ કર્યા બાદ સ્મિતાનેમળેલું પરિણામ આજે આપણી સામે છે.૧૭ ફેબ્રુઆરીના રોજ, સ્મિતાએ ફરી એક વાર ઈતિહાસનું પુનરાવર્તન કર્યું હતું.આ સિદ્ધિ તેની સખત તાલીમ, સમર્પણ અને ક્યારેય હાર ન માનવાના મક્કમ નિર્ધારનું પરિણામ છે.

ઉપવિષ્ટ કોનાસનમાં, વ્યક્તિનું ઉપરનું શરીર, બંને હાથ, બંને પગ, ખભા રોકાયેલા હોય છે. આ યોગમુદ્રાને લાંબા સમય સુધી જાળવી રાખવી પડકારજનક અને ખૂબ જ પીડાદાયક છે. જેમ જેમ શરીર આગળ ઝૂકે છે, થોડા સમય પછી તે જ મુદ્રામાં રહેવું ખૂબ મુશ્કેલ હોય છે''.સ્મિતા સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી પ્રેક્ટિસ ચાલુ રાખતી હતી.

નિષ્ણાંતોના મતેસૌથી મુશ્કેલ યોગાસનોમાંનાં એક ઉપવિષ્ટ કોણાસનની મુદ્રામાં થોડી મિનિટો માટે રહેવું પણ ખૂબ મુશ્કેલ છે. આવી સ્થિતિમાંસ્મિતાએ હિંમત કરીને સર્વાધિક સમય ગાળ્યો તે બિરદાવવા યોગ્યછે.ક્યારેક વ્યક્તિની મહેનત અને દૃઢ નિશ્ચય તેને એવી જગ્યાએ લઈ જાય છે જ્યાં પહોંચવું એક સ્વપ્ન સમાનહોય છે. સ્મિતાએ પણ કંઈક આવું જ કરી બતાવ્યુ છે.

# અંબુજા સિમેન્ટ્સે વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન ક્ષમતાનો આંક વટાવ્યો

## વાર્ષિક ધોરણે કર બાદનો નફો ૯% વધી રૂા.૫,૧૫૮ કરોડે પહોંચ્યો

અમદાવાદ,તા.૩૦

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બાંધકામ સામગ્રી કંપની અંબુજા સિમેન્ટ્સએઅંતિમ ક્વાર્ટર અને ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા સંપૂર્ણ વર્ષ માટે એકીકૃત ધોરણે તેના સંગીન નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

આ સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે વોલ્યુમ સૌથી વધુ ૧૦% વધી ૬૫.૨ મિલીયન ટન થયું છે. જ્યારે વાર્ષિક ધોરણે આવક સૌથી વધુ ૬% વધીને રૂા.૩૫,૦૪૫ કરોડ થઇ છે. વાર્ષિક ધોરણે એબિટ્ડા ૧૦% ઉંચો રહેવા સાથે રૂા.૧,૮૬૮ કરોડ રહ્યો છે.એકીકૃત કર બાદનો નફો ૭૫% ઉંચો રહી રુ.૯૨૯ કરોડ વધ્યો છે. રોકડ અને રોકડ સમકક્ષ રૂા.૧૦,૧૨૫ કરોડ રહી છે.ક્વાર્ટર દરમ્યાન EPS રૂા.૩.૮૮ રહ્યો છે.કંપનીએ ઇક્વિટી શેર્સ દીઠ રૂા.૨. ડિવિડન્ડ જાહેર કર્યું છે.

અંબુજા સિમેન્ટસના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઈ.ઓ. વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, અંબુજા સિમેન્ટસની કામગીરીની સફરમાં આ વર્ષમાં અમે વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટનની ક્ષમતા વટાવીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે.વધુમાં દેશભરમાં અમારી વિસ્તરણની કામગીરી વિવિધ તબક્કે ચાલી રહી છે, જે નાણાકીય વર્ષ - ૨૦૨૬ ના અંત સુધીમાં અમારી ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૧૮ મેટ્રિક ટનના આંકને હાંસલ કરવામાં મદદ કરશે. આ એક નોંધપાત્ર કદમ છે જે અમોનને ૨૦૨૮ની સાલ સુધીમાં વાર્ષિક ૧૪૦ મેટ્રિક ટનના અમારા લક્ષ્યની નજીક લાવશે.વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન એ માત્ર એક સિમાચિહ્ન સંખ્યા જ નથી,પણ તે અમારી મહત્વાકાંક્ષા, સ્થિતિસ્થાપકતા અને હેતુનું ચિહ્ન છે.જેમ જેમ ભારત ૧૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા માટેનો પાયો બનાવી રહ્યું છે તેની સાથે કદમ મિલાવી અમે દેશના માળખાકીય સુવિધાના નિર્માણમાં અમારી ભૂમિકા માટે પ્રતિબદ્ધ છીએ જે વિકાસને સશક્ત બનાવે છે, સમુદાયોને જોડે છે અને આવતીકાલની હરિયાળીને ટેકો આપે છે. 'હમ કરકે દિખાતે હે' હેતુ દ્વારા સંચાલિત અને પ્રગતિ દ્વારા વ્યાખ્યાયિત છે.

આ સમય ગાળામાં પશ્ચિમ બંગાળના ફરાક્કામાં વાર્ષિક ૦.૫ મેટ્રિક ટનનું વિવિધ છોડમાં ડિબોટલેનેકિંગ કરતું વાર્ષિક ૨.૪ મેટ્રિક ટન ક્ષમતાનું બ્રાઉનફિલ્ડરેનું વિસ્તરણની સફળતાપૂર્વક શરુઆત કરી છે.ઓરિએન્ટ સિમેન્ટનું હસ્તાંતરણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન સાથે અંબુજા હવે વિશ્વની સૌથી મોટી નવમી સિમેન્ટ કંપની છેક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૧૩%ની સૌથી વધુ વૃધ્ધિ સાથે ત્રિમાસિક વોલ્યુમ વૃદ્ધિ વાર્ષિક ૧૮.૭ મિલીયન ટન થઈ છે. આ સમયગાળામાં એબિટ્ડા મેટ્રિક ટન દીઠ ૧૮.૯% માર્જિન ઉપર રૂા.૧,૦૦૧ રહ્યો છે. જે ગત વર્ષના ત્રીજા કવાર્ટરમાં મેટ્રિક ટન દીઠ(બિન-પુનરાવર્તિત રૂા. ૮૨૬ કરોડની સરકારની ગ્રાન્ટને બાદ કરતાં) રૂા.૫૩૭ રહ્યો છે.

રિન્યુએબલ એનર્જીમાં ૨૯૯ મેગાવોટ વીજળી (૨૦૦ મેગાવોટ સૌર/૯૯ મેગાવોટ પવન) કાર્યરત કરવામાં આવી છે. જે જૂન ૨૦૨૬ સુધીમાં આયોજિત કુલ ૧૦૦૦ મેગાવોટમાંથી પ્રાપ્ત કરવા સાથે સંતુલન સાધે છે.વર્ષ દરમિયાન નેટવર્થમાં રૂા.૧૨,૯૯૯ કરોડ વધારો થતા કુલ રૂા. ૬૩,૮૧૧ કરોડ થઇ છે કંપની દેવું મુક્ત રહી છે.

# ક્રિકેટનો મહાકુંભ : આજ તા.૩૦ એપ્રિલથી શ્રી ખોડલધામ યુવા સમિતિ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં ગુજરાતભરમાંથી ૩૨ ટીમો વચ્ચે જામશે જંગ, આજથી ૮ મે સુધી રાજકોટ નજીક પાળ ગામે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૦



શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા આજ તારીખ ૩૦ એપ્રિલ થી ૮ મે સુધી રાજકોટ નજીક આવેલા પાળ ગામના એસજી ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ યુવા સમિતિ આયોજિત સૌપ્રથમ શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં ગુજરાતભરમાંથી ૩૨ ટીમો સહભાગી થશે અને આ તમામ ટીમો વચ્ચે ૯ દિવસ સુધી ક્રિકેટનો જંગ જામશે.

સમાજના યુવાનોનું સંગઠન મજબૂત બને, ભાઈચારો વધે અને યુવાનોના કૌશલ્યને વેગ આપવાના શુભ ઉદ્દેશથી આજ તા.૩૦ એપ્રિલ થી ૮ મે સુધીશ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)નું આયોજન કરાયું છે. અખાત્રીજના દિવસે એટલે કે આજ તા.૩૦ એપ્રિલના રોજ સાંજે ૬ કલાકે પાળ ગામે આવેલા એસજી ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ ખાતે આ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. જેમાં ઉદઘાટક તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સમારંભના અધ્યક્ષ તરીકે ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના રાજકીય-સામાજિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં રાજકોટ જિલ્લો, જેતપુર, જામનગર અને સુરેન્દ્રનગરની કુલ ૩૨ ટીમો ભાગ લઈ રહી છે. દરરોજ ૪ મેચનું આયોજન કરવામાં આવશે. જેમાં નોક આઉટ મેચ ૧૦ ઓવરની, સેમીફાઈનલ મેચ ૧૨ ઓવરની અને ફાઈનલ મેચ ૧૪ ઓવરની રમાશે. ફાઈનલમાં વિજેતા ટીમને ૫૧ હજાર રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે. જ્યારે રનર્સ અપ ટીમને ૨૧ હજાર રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે. સાથે જ ટુર્નામેન્ટ દરમિયાન મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલરને આકર્ષિત પુરસ્કાર આપવામાં આવશે. દરરોજ ખેલાડીઓને કોલ્ડ્રીંક્સ અને નાસ્તો આપવામાં આવશે.

શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)ની દરેક મેચનું લાઈવ પ્રસારણ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી ખોડલધામ યુવા સમિતિના ઓફિશિયલ ફેસબુક પેજ અને યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે. સમગ્ર ટુર્નામેન્ટમાં સ્પોન્સરશિપ અને મેચ ફીમાંથી જે રકમ વધશે તે આખા વર્ષ દરમ્યાન થતા સમાજ સેવાના કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવશે.

# રૂપમોરાના ભગીરથ યુવા ગ્રુપ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડા, ચકલીઘર અને બર્ડ ફીડરનું વિનામૂલ્યે વિતરણ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

હાલ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે માત્ર પાણીના અભાવે ડી-હાઈડ્રેશનના કારણે કેટલાય પક્ષીઓ પોતાનો જીવ ગુમાવે છે અને પાણી માટે વલખા મારતા હોય છે. ત્યારે ભાણવડ તાલુકાના રૂપામોરા ગામના શ્રી ભગીરથ યુવા ગ્રુપના યુવાનો દ્વારા આ અબોલ જીવોની મદદ અર્થે આગળ આવી અને રૂપામોરા ગામની પ્રાથમિક શાળા ખાતે વિધાર્થીઓનાં માધ્યમથી સ્વખર્ચે ૧૦૦૦ જેટલા પાણીના કુંડા, ચકલી ઘર અને બર્ડ ફીડરનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં ગ્રુપના ડાયાભાઈ કદાવલા, હાર્દિકભાઈ, જગદીશભાઈ, વિજયભાઈ, કિરીટભાઈ, હિતેષભાઈ, હરીશભાઈ, અરવિંદભાઈ, હસમુખભાઈ, શાળાના તમામ શિક્ષકો અને ગામના આગેવાનોએ જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નવી શિક્ષણ નીતિ માટે UGCના નવા નિયમો જાહેર

ગાંધીનગર,તા.૩૦

દેશમાં ૨૦૨૦થી લાગુ કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિને હવે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા વધુ દૃઢ બનાવવામાં આવી છે. અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો માટે 'મિનિમમ સ્ટાન્ડર્ડ રેગ્યુલેશન્સ – ૨૦૨૫' હેઠળ નવા ધારાધોરણો જાહેર કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીઓને તાકીદ કરવામાં આવી છે કે આ નવા નિયમો અનુસાર કામગીરી કરે, નહીં તો તેમના વિરુદ્ધ ગ્રાન્ટ કાપવા સહિતના પગલાં લેવામાં આવશે.નવા ધોરણોનો મુખ્ય ઉદ્દેશ નવી એજ્યુકેશન પોલિસીના અમલને સુસંગત અને દેશવ્યાપી બનાવવાનો છે. નવા નિયમો મુજબ, તમામ કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટ સિસ્ટમ, જનરલ અને વોકેશનલ એજ્યુકેશનના એકીકરણ તેમજ એક વર્ષમાં બે વખત પ્રવેશ જેવા સુધારાઓ અમલમાં આવશે. પ્રવેશ હવે જૂન-જુલાઈ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીના મહિનાઓમાં આપવામાં આવશે. અંડર ગ્રેજ્યુએશનમાં ત્રણ વર્ષના કોર્સ માટે ૧૨૦ ક્રેડિટ અને ચાર વર્ષના ઓનર્સ કોર્સ માટે ૧૬૦ ક્રેડિટ ફરજિયાત રહેશે. ઓનલાઈન, પ્રમાણપત્ર અથવા અન્ય કોર્સની ક્રેડિટ પણ ગણતરીમાં લેવામાં આવશે. ખાસ કરીને ''ફાસ્ટ ટ્રેક'' અને ''એક્સ્ટેન્ડેડ ડિગ્રી'' જેવી સુવિધાઓ હવે માન્ય થશે. એટલે કે, વિદ્યાર્થીઓ હવે ૩ વર્ષનો કોર્સ ૫ સેમેસ્ટરમાં પૂરો કરી શકે છે, અથવા ફરજિયાત ક્રેડિટ્સ પૂરા કરી દીધા હોય તો તેઓ સમય પહેલા ડિગ્રી મેળવી શકશે. બીજી તરફ, જો કોઈ વિદ્યાર્થી સમયસર અભ્યાસ પૂરું ન કરી શકે તો તેને વધારાના ૧ વર્ષ (અર્થાત્ ૨ સેમેસ્ટર) સુધી સમય મળશે.રાજ્ય સરકારો માટે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અત્યાર સુધી જે SOPના આધારે કામ ચાલતું હતું, તેને હવે નવી UGC ધોરણો અનુસાર ફરીથી ઘડવાની ફરજ પડી શકે છે. હાલ દરેક રાજ્યની યુનિવર્સિટીઓમાં ૨૦૨૦ની નીતિ અનુસાર જાહેર કરાયેલ SOP મુજબ કામ ચાલી રહ્યું છે. પરંતુ નવા ધોરણોની અમલવારી સાથે હાલની SOP અપૂર્ણ ગણાશે. ઉલ્લેખનીય છે, UGCની ચેતવણી પ્રમાણે, જો કોઈ યુનિવર્સિટી આ નવા નિયમોનું પાલન નહીં કરે તો તેમને મળતી ગ્રાન્ટ કાપી લેવાશે અને આવશ્યક હોય તો વધુ કડક પગલાં પણ લેવામાં આવશે.



પ્રજાના પ્રશ્નો કે સંસદની ચર્ચા નથી સાંભળી શકતો, ત્યાં તારી વાત કયાંથી સાંભળી શકું ?



મત વિસ્તારમાં જવાનું રહેવા દો નહીંતર સુર્યનારાયણની સાથે સાથે પ્રજાની ગરમીનો કોપ પણ સહન કરવો પડશે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચીન પર અમેરિકા દ્વારા ટેરિફ થોપવાનો નિર્ણય વૈશ્વિક આર્થિક રણનીતિમાં મહત્ત્વપૂર્ણ બદલાવનો સંકેત

ચીન પર અમેરિકા દ્વારા ટેરિફ થોપવાનો નિર્ણય વૈશ્વિક આર્થિક રણનીતિમાં મહત્ત્વપૂર્ણ બદલાવનો સંકેત છે, પરંતુ ભારત તેનો લાભ ઉઠાવી શકે છે. ખાસ કરીને ઉચ્ચ ટેકનિકલ અને બીજા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં બેજિંગ પર પોતાની નિર્ભરતા ઓછી કરવી જ વોશિંગ્ટનનો ઉદ્દેશ્ય છે અને એ જ આખા એશિયામાં વૈશ્વિક પૂરવઠા શ્રૃંખલાના પુનર્ગઠનનું કારણ બની રહ્યું છે. આ પુનર્ગઠન ભારતને દુનિયા માટે કેન્દ્રીય વિનિર્માણ મહાશક્તિ રૂપે ખુદને ફરીથી સ્થાપિત કરવાનો સ્વર્ણિક મોકો પ્રદાન કરે છે.

જેમ જેમ ભૂરાજકીય તણાવ વધી રહ્યા છે, ખાસ કરીને હિંદ-પ્રશાંતમાં ચીનથી અમેરિકાનો આર્થિક અલગાવ પણ તેજ થઈ રહ્યો છે.ભારત પોતાના વિશાળ યુવા કાર્યબળ, સુધરતા બુનિયાદી માળખા અને રણનીતિક પ્રોત્સાહનોના દમ પર વૈશ્વિક ઉત્પાદન નેટવર્કનો વિશ્વસનીય વિકલ્પ બનવાની ક્ષમતા ધરાવે છે. ચીનના ઈલેક્ટ્રીક વ્હીકલ (ઈવી), ઈવી બેટરી અને સેમીકંડક્ટર પર ટેરિફ ૭ થી ૨૫ ટકાના બદલે લગભગ પચાસથી સો ટકા કે તેનાથી વધારે કરવા પાછળ ટ્રમ્પ પ્રશાસનનો માત્ર સંરક્ષણવાદ નથી, તે આર્થિક રૂપે વ્યવહારુ અને રાજકીય રૂપે વિશ્વસનીય મનાતા ભાગીદારો તરફ એ સુનિયોજિત ઝોક પણ છે અને ભારત તેમાં બિલકુલ ફિટ બેસે છે. ભારતે પણ આ બદલાવને જોતાં ગહન માળખાગત સુધારા અને લિક્ષત પ્રોત્સાહન યોજનાઓ દ્વારા વૈશ્વિક વિનિર્માણ કેન્દ્ર રૂપે ઉભરવા માટે આધાર તૈયાર કરી લીધો છે.

૧.૯૭ લાખ કરોડ રૂપિયાના ખર્ચવાળી ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન (પીએલઆઇ) યોજના ઈલેક્ટ્રોનિક્સ અને ઓટો ઘટકોથી માંડીને ફાર્માસ્યુટિકલ્સ તથા સૌર મોડ્યુલ્સ જેવા ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફેલાયેલી છે. ભારતનું ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ૨૬.૬ ટકા વૃદ્ધિ સાથે ૨૯.૧ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. એપલે ભારતમાં આઈફોન ઉત્પાદનમાં નાટકીય રૂપે વૃદ્ધિ કરી છે, જે ૨૦૨૦ના વૈશ્વિક ઉત્પાદનના એક ટકાથી વધીને ૨૦૨૬ સુધી ૨૫ ટકા થવાની આશા છે. એપલના પ્રમુખ કરાર નિર્માતા ફોક્સકોન, વિસ્ટ્રોન અને પેગાટ્રોન તમિલનાડુ અને કર્ણાટકમાં પોતાનો વિસ્તાર કરી રહ્યા છે. સેમસંગ, ડેલ એ એચપી જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓ પણ ભારતમાં પોતાની પૂરવઠા શ્રૃંખલાઓ સ્થાપિત કરી રહી છે.

ભારતની આર્થિક બુનિયાદ તેને ચીનનો વિકલ્પ બનાવે છે. ચીનને બદલે ભારતમાં શ્રમ ખર્ચ ત્રીસથી ચાલીસ ટકા ઓછો છે. સાથે જ ભારતની સરેરાશ યુવા આયુ ૨૮.૪ વર્ષ છે, તો ચીનની ૩૯ વર્ષ છે, જે ઉદ્યોગોના દીર્ઘકાળ માટે જનસંખ્યાકીય લાભાંશ પ્રદાન કરે છે. ભારતે લોજિસ્ટિક્સ અને બુનિયાદી માળખામાં મહત્ત્વપૂર્ણ ઉન્નતિ કરી છે. ગતિશક્તિ, ભારતમાલા અને સાગરમાલા જેવી મુખ્ય પહેલોનો ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ ખર્ચમાં કપાત કરવાનો છે, જે વર્તમાનમાં જીડીપીના લગભગ ૧૩-૧૪ ટકા છે, જેને સાતતી આઠ ટકાના વૈશ્વિક માપદંડની નજીક લાવવાનો છે. સમર્પિત માલ વહન કોરિડોર અને ઔદ્યોગિક વર્તુળોના વિકાસથી તમામ ક્ષેત્રોમાં કનેક્ટિવિટી અને દક્ષતા વધી રહી છે.

અમેરિકા સાથે ભારતની મજબૂત થતી રણનીતિક ભાગીદારી એક પસંદગીની પૂરવઠા શ્રૃંખલા ભાગીદાર રૂપે તેની સાખને વધુ મજબૂત કરે છે. ૨૦૨૩માં શરૂ થયેલ ઈનિશિએટિવ ઓન ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (આઈસીઈટી)એ સેમીકંડક્ટર, એઆઈ અને ક્વોન્ટમ કમ્પ્યૂટિંગમાં સહયોગને ઉત્તેજન આપ્યું છે. ભારતમાં યુદ્ધ જેટ એન્જિન બનાવવા માટે એચએએલની સાથે સોદો અને ગુજરાતમાં માઈક્રોનનું ૮૦ કરોડ ડોલરનું સેમીકંડક્ટર રોકાણ, ભારતના ટેકનિકલ પારિસ્થિતિકી તંત્રમાં અમેરિકી વિશ્વાસનું પ્રતીક છે. ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો ક્વોડ સમૂહ પણ ખનિજો અને ઉન્નત ટેકનિક સાથે જોડાયેલા મહત્તવપૂર્ણ ક્ષેત્રોમાં પૂરવઠા શ્રૃંખલાના લચીલાપણાને મજબૂત કરે છે.

ચીનથી ઓછું જોખમ ઈચ્છતી અમેરિકી કંપનીઓ માટે ભારત રાજકીય વિશ્વસનીયતા અને વાણિજ્યિક સુવિધાનો વાયદો કરે છે. ભારતનો અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર વધી રહ્યો છે. ૨૦૨૧માં ભારતથી અમેરિકી આયાત ૫૭.૭ અબજ ડોલર હતી, જે ૨૦૨૩માં વધીને ૭૭ અબજ ડોલર થઈ ગઈ. ભારત હવે અમેરિકાના ટોચના દસ વેપાર ભાગીદારોમાં છે. એપલ, ગૂગલ, ટેસ્લા, સિસ્કો અને ઈન્ટેલ જેવી અમેરિકાની દિગ્ગજ કંપનીઓ ભારતની ઈકોસિસ્ટમમાં ખુદને સમાહિત કરી રહી છે. જોકે હાલની સ્થિતિમાં અમેરિકા સહિત અન્ય દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓને ચીનને બદલે ભારત પોતાની તરફ આકર્ષિત કરી રહ્યું છે, પરંતુ તેના માટે પડકારો પણ ઓછા નથી. તેના માટે સારી કનેક્ટિવિટી, વિદ્યુત સપ્લાય, જમીન અધિગ્રહણ અને પડતર કાનૂની કાર્યવાહી જેવી અડચણોને દૂર કરીને જીએસટીનું સરળીકરણ કરવું પડશે. જોકે રાષ્ટ્રપતિ ટ્રમ્પની નીતિઓને કારણે અમેરિકી ઉદ્યોગ ચીનથી બહાર નીકળવા માગે છે. હાલની પરિસ્થિતિઓ ભારત માટે એશિયાના વૈકલ્પિક વિનિર્માણ કેન્દ્ર રૂપે ઉભરવાનો સમય છે.

# NIFDના ફેશન-શોમાં પરંપરા અને આધુનિકતાનું મિશ્રણ જોઈ લોકો મંત્રમુગ્ધ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૯



રાજકોટ, જૂનાગઢ, વેરાવળ, અમરેલી, ભાવનગર, જામનગર, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, વાંકાનેર, કચ્છ સહિત સૌરાષ્ટ્રમાંથી વિદ્યાર્થીઓ જોડાયા : ગુજરાતની ડિઝાઈન ઈન્ડસ્ટ્રીને મુંબઈ જેવી બનાવવાના અને નવા ઉભરતા વિદ્યાર્થીઓને ડિઝાઈન ઈન્ડસ્ટ્રીમાં પ્લેટફોર્મ આપી કરિયર બનાવવાના હેતુથી સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે **NIFD** દ્વારા યુનિક ફેશનશોનું આયોજન કરવામાં આવ્યું હતું : સૌરાષ્ટ્રમાં પહેલીવાર સ્વીમીંગ પુલ પર ફેશન જગતની મોડલ્સ અને ૪૫ થી વધુ બાળકોએ રેમ્પ વોક કર્યું : ફ્યુચરિસ્ટીક થીમ પર લાઈટવાળા ગારમેન્ટ્સ, કપડાની લંબાઈ વધારી અને ઘટાડી શકાય તેવા વસ્ત્રો, કચ્છના એનજીઓ સાથે મળી વેસ્ટ ફેબ્રીકનો ઉપયોગ કરી બેસ્ટ ગારમેન્ટ્સ ડિઝાઈન વગેરે સહિત ૧૨૦ થી વધુ આઉટફિટ રજુ કરાયા

ગુજરાતની ડિઝાઈન ઈન્ડસ્ટ્રીને મુંબઈ જેવી બનાવવાના અને ફેશન ઈન્ડસ્ટ્રીમાં નવા ઉભરતા વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ આપી કરિયર બનાવવાના હેતુથી ભારત સહિત વિશ્વભરમાં ૧૦૦ વધુ શાખાઓ ધરાવતી **NIFD** (નેશલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ડિઝાઈન) રાજકોટ ખાતે છેલ્લા ૨૦ થી વધુ વર્ષોથી કાર્યરત છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ **NIFD**ના ફેશન ડિઝાઈનના સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના ૪૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન અને તૈયાર કરાયેલ આઉટફિટનો ફેશન શો સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરાયેલા અકલ્પનીય પોશાકો મુંબઈની ફેશન મોડલ્સ દ્વારા રેમ્પ પર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા અને તેમની પ્રશંસા કરવામાં આવી હતી. એક-એક થી ચઢિયાતા નવા ડિઝાઈન કલેકશનથી સાબિત થયું કે **NIFD** ના વિદ્યાર્થીઓ સામે ફેશન ડિઝાઈનિંગમાં સવર્શ્રેષ્ઠ ડિઝાઈનર બની રહ્યા છે. **NIFD** રાજકોટના સેન્ટર ડિરેક્ટર નૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વભરના ફેશન જગતમાં દર વર્ષે નવા ફેશન ડિઝાઈનર્સની માંગ ઉભી થાય છે. **NIFD** છેલ્લા ૨૦થી પણ વધુ વર્ષોથી વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ મળી રહે અને લોકો તેની કલાને ઓળખતા થાય તેમજ તેની કારકિર્દી ઘડાય તે માટે ફેશન શો કરે છે. આ વર્ષે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત સ્વીમીંગપુલ પર રેમ્પ બનાવી ફેશન શો યોજાયો. જેમાં **NIFD** ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વિવિધ થીમ પર આધારીત ગારમેન્ટ્સને મુંબઈથી ખાસ આવેલ ફેશન જગતની મોડલ્સે અને બાળકોએ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ ફેશન શોમાં વિવિધ થીમ પર વિદ્યાર્થીઓએ છેલ્લા ૬ મહિનાની મહેનતથી ગારમેન્ટ્સ જાતે બનાવ્યા હતા. જેમાં સૌપ્રથમ વખત કપડામાં લાઈટ થાય અને સાથે ફરી તેવી મોટર અને એલઈડી લાઈટ, રોપ લાઈટનો ઉપયોગ કરી ડિફરન્ટ આઉટફિટ તૈયાર કરાયું હતું. તો એક ડિઝાઈનર થીમ એવી પણ હતી કે જેમાં પહેરવાના વસ્ત્રોની લંબાઈ વધારી કે ઘટાડી શકાય તેમજ તેમાંથી પાર્ટ્સ પણ છુટા પાડી શકાય. આ થીમને 'કસ્ટમાઈઝેશન' નામ અપાયું હતું. એજ રીતે સૌપ્રથમ વખત કચ્છના ખમીર નામના એનજીઓ સાથે મળી નકામાં કાપડ અને સિવવાના દોરાનો ઉપયોગ કરી વેસ્ટ મટીરીયલ માંથી બેસ્ટ એટલેકે રિસાઈકલ કરી ગારમેન્ટ્સ તૈયાર કરાયા હતા જે લોકોને ખુબ પસંદ પડ્યા હતા. અન્ય એક થીમને નામ અપાયું 'ક્ષીતીજ' જેમાં રાજસ્થાનના કોટા ના વખણાતા કોટા દોરિયા અને શેતરંજી એટલેકે દરી બંનેને સાથે લઈ આઉટફિટ તૈયાર કરાયું હતું. જ્યારે 'દેસી ડસ્ટ' થીમમાં લીનન અને કાળા કોટન ફેબ્રિક નો ઉપયોગ કરી ભારતીય મસાલાઓમાંથી થીમની પ્રેરણા લઈ ડિઝાઈનર સાડીઓ ક્રિએટ કરાઈ હતી. આ ઉપરાંત ડાન્સ ઓફ અર્થ, થર્મલ વ્યુ, બોલ્ડ મુવ્સ, હેઝ એન્ડ યુઝ, વાઈલ્ડ રીફલેક્શન, પલ્સ ઓફ પાવર, પોઈન્ટ ઓફ વ્યુ થીમ જ્યારે બાળકોમાં જાપાનીઝ કલ્ચર પરથી ક્વાઈ થીમ, ટાઈ એન્ડ ડાઈ સહિત વિવિધ પ્રકારની થીમ પર ફેશન શો રજુ કરાયો હતો. **NIFD** રાજકોટ દ્વારા ખાસ વિદ્યાર્થીઓ માટે અને વિદ્યાર્થી દ્વારા આયોજીત આ નિઃશુલ્ક ફેશન શોમાં બહોળી સંખ્યામાં સૌરાષ્ટ્રભરમાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી. **NIFD**માં તૈયાર થયેલ હજારો વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં ફેશન જગતમાં કામ કરી રહ્યા છે. ફેશન ક્ષેત્રની વધુ માહિતી માટે સંસ્થાનો ૯૮૯૮૨૨૨૯૯૯ ઉપર સંપર્ક કરી શકાય છે.

# સફેદ ડુંગળીમાં સરકાર ખેડૂતોને માટે સહાય પેકેજ જાહેર કરે : આપ દ્વારા રજૂઆત

## ટેકાના ભાવે ચણાની ખરીદી ઓછામાં ઓછી ૨૦૦ મણ કરવા માંગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત રાજ્યના ખેડૂતોને ચણાની ટેકાના ભાવે ખરીદી, સફેદ ડુંગળીમાં સહાય તેમજ સિંચાઈના પાણી સહિતના મુદ્દે ખંભાળિયામાં આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા ખેતી વિકાસ અધિકારીને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા હાલ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે થઈ રહેલી ખરીદીમાં ખેડૂતોની મજાક બંધ કરવાનું જણાવી, હાલ ચણા અને રાયડાની ટેકાના ભાવે થઈ રહેલી ખરીદીમાં રાયડામાં ૪૫,૦૦૦ અને ચણાના ૬૫,૦૦૦ મળી કુલ ૧.૧૦ લાખથી વધુ ખેડૂતોના રજીસ્ટ્રેશન બ્લોક કરી દેવામાં આવ્યા છે. જે બાબતને ગંભીર ગણાવવામાં આવી છે. ચણા ખરીદીમાં એક ખેડૂત પાસેથી માત્ર ૯૦ મણ જ ખરીદી કરવાનો નિર્ણય લઈ સરકારે ખેડૂતની મજાક કરવામાં આવી હોવાનું જણાવી, આમ આદમી પાર્ટી દ્વારા બ્લોક થયેલા રજીસ્ટ્રેશન અનબ્લોક કરવામાં આવે અને ચણાની ખરીદી માં પ્રતિ ખેડૂત ઓછામાં ઓછું ૨૦૦ મણ સુધી ચણાની ખરીદી કરવાનો નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરી છે. સફેદ ડુંગળીએ અનેક ખેડૂતોને રડાવ્યા છે. જેથી સરકાર ખેડૂતોને મદદ કરે તેમ જણાવી, ભાવનગર, અમરેલી સહિત સૌરાષ્ટ્રના ગામડાઓમાં ખેડૂતોએ સફેદ ડુંગળીનું મોટા પાયે વાવેતર કરેલું હતું, જેમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોને ખૂબ જ મોટું આર્થિક નુકસાન થયું છે. ભૂતકાળમાં જ્યારે પણ સફેદ ડુંગળીમાં ખેડૂતોને નુકસાન થયું છે ત્યારે સરકારે ખેડૂતો આર્થિક મદદ કરી છે.

આ વખતે પણ સરકાર તાત્કાલિક ધોરણે પ્રતિ કિલો રૂ.૧૦ સહાય પેટે જાહેરાત કરી ખેડૂતોને આર્થિક મદદ કરે તેવી પણ માંગ કરી છે. અનેક જિલ્લામાં સિંચાઈનું પાણી ન મળવાથી ફળદ્રુપ જમીન છોડીને ખેડૂત સ્થળાંતર કરવા મજબૂર થયો છે. જેના કારણે ગામડાઓ ભાંગી રહ્યા છે. આવા જિલ્લાઓમાં દરેક ગામડા સુધી સિંચાઈનું પાણી પહોંચાડી ખેડૂત અને ગામડાઓ બચાવવામાં આવે તેવી માંગ કરી, જગતનો તાત (ખેડૂત) ખેતી છોડીને આંદોલનનો રસ્તો અપનાવે, તે પૂર્વે સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવે તેવી માંગણી જિલ્લા કિસાન સંગઠનના બલદેવભાઈ ગઢવી પત્રમાં દ્વારા કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના પેન્શનરોએ હયાતીની ખરાઈ કરાવી લેવી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

આઈ.આર.એ.લ.એ. યોજના હેઠળ બેંક મારફત પેન્શન મેળવતા રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારના તમામ પેન્શનરોએ તા. ૧ મે થી ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં જે-તે બેંક મેનેજર સમક્ષ રૂબરૂ હાજર થઈ હયાતીની ખરાઈ કરાવી લેવાની રહેશે. આ સમયગાળા દરમ્યાન હયાતીની ખરાઈ નહિ થનાર પેન્શનરોનું ઓગષ્ટ માસથી પેન્શન ચૂકવણું બંધ કરી દેવામાં આવશે. કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોએ પુનઃલગ્ન નહિ કર્યા અંગેનું પ્રમાણપત્ર જિલ્લા કે પેટા તિજોરી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે, જેમાં ૫૦ વર્ષથી વધુ ઉમરના સ્ત્રી પેન્શનરોને પ્રમાણપત્ર રજુ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જે પેન્શનરોએ અગાઉ આધારકાર્ડની નકલ જમા કરાવેલ નથી, તેઓએ આધારકાર્ડની સ્વપ્રમાણીત નકલ, હયાતી ખરાઈ પ્રમાણપત્ર સાથે જોડવી. વધુમાં, સરકાર દ્વારા પેન્શનરોની સુવિધા માટે જીવન પ્રમાણ ડીજીટલ લાઈફ સર્ટીફીકેટની પદ્ધતિ પણ અમલમાં મુકવામાં આવેલ છે, જેના દ્વારા ઓનલાઈન હયાતીની ખરાઈ કરવા માટે જીવન પ્રમાણ પેજ(www.jeevanpramangovin) પર પેન્શનરો પોતાનો આધાર નંબર નાખીને લોગીન થઈ શકશે અને **Face recognition** અથવા બાયોમેટ્રિક દ્વારા હયાતીની ખરાઈ કરાવી શકે છે. વર્ષ ૨૦૨૪-૨૫ના આવકના પ્રમાણપત્ર બેંકને મોકલી આપવામાં આવ્યા છે, જે બેંક પાસેથી મેળવી લેવા તથા આવકના પ્રમાણપત્ર **https://cybertreasurygujara.govin** વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે તેમ જિલ્લાના તમામ પેન્શનરો જોગ દેવભૂમિ દ્વારકા જિલ્લા તિજોરી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની દરીયાઈ સુરક્ષા વધારવા

# ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા માચ્છીમારો સાથે કોમ્યુનિટી ઈન્ટરેકશન પ્રોગ્રામો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)દ્વારકા તા.૩૦

કાશ્મીરના પહેલગાંવમાં પ્રવાસીઓ પરના આતંકી હુમલાને પગલે ભારતીય કોસ્ટગાર્ડના વાડીનાર સ્ટેશન દ્વારા સલાયા, નાના અમલા, ભરાણા, વાડીનાર તથા શીખા જેવા દરીયાકાંઠે આવેલ બંદરો અને ગામો ખાતે વિશેષ કોમ્યુનિટી ઈન્ટરેકશન પ્રોગ્રામો યોજવામાં આવેલ જેમાં જિલ્લામાં વિવિધ નાના મોટા બંદરો, ગીચ દરીયાઈ પ્રવૃત્તિઓ, મહત્વપૂર્ણ ઓફશોર સ્થાપનો, ઉચ્ચ મૂલ્યતા ધરાવતા ઉદ્યોગો, દરીયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન/અભ્યારણ્ય અને યાત્રાધામો સહિત મહત્વપૂર્ણ દરીયાકાંઠાના માળખાગત સુવિધાઓ આવેલ હોવાને કારણે ભૌગોલિક રીતે સંવેદનશીલ અને આર્થિક રીતે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ વિસ્તારોમાં કોઈપણ અનિચ્છનિય ઘટનાને રોકવા દરીયાઈ સુરક્ષાને વધુ મજબૂત કરવા ચર્ચા કરાઈ હતી. વિવિધ એજન્સીઓ દ્વારા ચુસ્ત સુરક્ષાની સાથે સાથે સ્થાનીકો અને માચ્છીમારોને પણ સુરક્ષા એજન્સીઓ સાથે સમન્વય રાખી તાલમેલ સાથે કોઈપણ શંકાસ્પદ બોટ યા પ્રવૃત્તિ યા ડ્રોન જોવા મળે તો તાત્કાલીક કોસ્ટગાર્ડને ટોલ ફ્રી નંબર ૧૫૫૪ અથવા નજીકની સુરક્ષા એજન્સીને જાણ કરવા અને દેશની સુરક્ષા માટે 'આંખ અને કાન' તરીકે કાગમીરી દાખવવા જણાવાયું હતું.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લોભને ધન વડે વશમાં કરી શકાય છે.

- આચાર્ય ચાણક્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, વૈશાખ સુદ-૨ ચંદ્ર દર્શન, ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ તા.૨૯ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૩૦, કૃતિકા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૧૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનની મુરાદ બર ન આવે. જીવનસાથી અંગે ચિંતા રહે.
વૃષભ:સામાજિક કાર્યમાં સફળતા રહે. આર્થિક પ્રશ્નોનો ઉકેલ મળે.
મિથુન:ગૃહવિવાદ થાય. શેર-સટ્ટા, જામીનગીરી જેવા કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
કર્ક: મનની મૂંઝવણ દૂર થાય. ભાઈ-બહેનથી લાભ મળે.
સિંહ: કાર્યબોજ હળવો બને. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
કન્યા: વાદ-વિવાદના ભોગ ન બનવું પડે તેની તકેદારી રાખવી. પ્રવાસ થાય.
તુલા: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડીના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:આનંદ-ઉત્સાહમાં વધારો થાય. નવિન આર્થિક આયોજનમાં સફળતા મળે.
ધન: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મકર: ધાર્યું કાર્ય થાય નહિં. માનસિક બોધરેશનમાં વધારો થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ. પ્રવસા-મુસાફરી-પર્યટનથી લાભ.
મીન: મૂંઝવણમાંથી માર્ગ મળે. કાર્યભારમાં હળવાશ અનુભવાય.

# શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજિત જીપીએલ ક્રિકેટ નાઈટ ટુર્નામેન્ટની શુભ શરૂઆત





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા કરનાર શ્રી દ્વારકા ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજિત જીપીએલ ગુગલી પ્રીમિયર લીગ ટેનિસબોલ ક્રિકેટ નાઈટ ટુર્નામેન્ટની શુભ શરૂઆત થઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા એસપી નિતેશ પાંડે સર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય મંત્રી કપિલભાઈ વાયડા સહમંત્રી ચેતનભાઈ પુજારી ખેલ મંત્રી દિવ્યાંગ ભાઈ ઠાકર કારોબારી સદસ્યો મધ્યસ્થ સભા સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ૪ પુલ અને ૧૬ ટીમ વચ્ચે લગભગ ૩૧ મેચોની આ લીગ ૧૭ દિવસ સુધી ચાલશે. કાર્યક્રમની શરૂઆતમાં પહેલગામમાં સનાતની હિન્દુઓ પર આતંકવાદીઓ દ્વારા થયેલ હુમલામાં મૃત્યુ પામનાર સદગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. શાબ્દિક સ્વાગત બાદ રાષ્ટ્રગાન ખેલાડીઓનો પરિચય તેમજ ઓપનિંગ મેચ સનરાઈઝર્સ ઈલેવન અને મહાલક્ષ્મી ઈલેવન વચ્ચે ટોસનો સિક્કો વિશેષ અતિથિ દ્વારા ઉછાળવામાં આવ્યો જેમાં સનરાઈઝર્સ ઈલેવન ટોસ જીતી પહેલે બેટિંગ કરતા ૧૨૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં મહાલક્ષ્મી ઈલેવન લક્ષણ પર કરી શકી નહીં સનરાઈઝર્સ ઈલેવનનો ભવ્ય વિજય થયો. આ ટુર્નામેન્ટમાં ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિના યુવા ખેલાડીઓ ગુજરાતના ખૂણે ખૂણેથી ભાગ લેવા ઉપસ્થિત રહે છે.

# RTEમાં પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો

## ૯૩ હજાર કરતા વધુ બેઠકો પૈકી પસંદગીના અભાવે ૭૫૮૬ બેઠકો ખાલી પડી પ્રવેશ ફાળવાયો છે તે વિદ્યાર્થીઓએ ૮ મે સુધીમાં સ્કૂલમાં જઈ પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે

અમદાવાદ,તા.૩૦

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યની ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧માં પ્રવેશ માટે તાજેતરમાં પ્રવેશની ફાળવણી કરવામાં આવી હતી. રાજ્યમાંથી RTEમાં પ્રવેશ માટે ૧.૭૫ લાખ જેટલી માન્ય અરજીઓ પૈકી પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ વિદ્યાર્થીઓને પ્રવેશની ફાળવણી કરી છે. જ્યારે ૭૫૮૬ બેઠકો અરજદારોની પસંદગીના અભાવે ખાલી પડી હોવાનું સામે આવ્યું છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે તેમણે ૮ મે સુધીમાં સ્કૂલમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, RTE અંતર્ગત રાજ્યની ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧માં પ્રવેશ માટે ગત ૨૮ ફેબ્રુઆરીથી રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું. રજિસ્ટ્રેશન માટે વાલીઓને ૧૨ માર્ચ સુધીની મુદત આપવામાં આવી હતી. જોકે, રાજ્ય સરકાર દ્વારા RTEમાં પ્રવેશ માટેની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂા. ૧.૫૦ લાખથી વધારીને રૂા.૬ લાખ કરી દેવાનો નિર્ણય લીધો હતો. આમ, આવક મર્યાદામાં વધારો કરવામાં આવ્યા બાદ અનેક વાલીઓના બાળકો RTEમાં પ્રવેશ માટે લાયક બનતા તેમને ફોર્મ ભરવાની તક આપવાનો નિર્ણય લેવાયો હતો. જે અનુસાર, રાજ્યમાં RTEના ફોર્મ ભરવાની મુદત વધારી ૧૫ એપ્રિલ સુધીની કરવામાં આવી હતી. આમ, ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યા બાદ વધારાના ૪૪૯૯૪ જેટલા ફોર્મ ભરાયા હતા. શિક્ષણ વિભાગ સમક્ષ RTEમાં પ્રવેશને લઈને ૨૩૮૯૧૬ અરજી મળી હતી. આ તમામ અરજીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાએ ચકાસણીના અંતે ૧૭૫૬૮૫ અરજીઓ માન્ય રહી હતી, જ્યારે ૬૩ હજાર કરતા વધુ અરજીઓ રિજેક્ટ થઈ હતી. રિજેક્ટ થયેલી અરજીઓ પૈકી ૧૩૭૬૧ અરજીઓ અધુરા દસ્તાવેજ સહિતના જુદાજુદા કારણોસર રિજેક્ટ થઈ હતી. જ્યારે ૪૯૪૭૦ અરજીઓ વાલીઓ દ્વારા કેન્સલ કરવામાં આવી હતી. આમ, RTEમાં પ્રવેશ માટે ૧.૭૫ લાખ જેટલી અરજીઓ માન્ય રહેતા તેમને પ્રવેશ ફાળવવા માટે સોમવારના રોજ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યમાં કુલ ૯૭૪૧ ખાનગી પ્રાથમિક સ્કુલોમાં કુલ ૯૩૮૬૦ બેઠકો માટે પ્રવેશની ફાળવણી કરવામાં આવનાર હતી. જેમાં વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ




શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જ્યારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે રાજ્યમાં ૭૫૮૬ જેટલી જગ્યાઓ અરજદારોની પસંદગીના અભાવે ખાલી રહેવા પામી છે. પ્રથમ રાઉન્ડની ફાળવણી અંગે વાલીઓને SMS દ્વારા જાણ કરવામાં આવી હતી. જે વાલીઓના બાળકોને RTEમાં પ્રવેશ મળ્યો છે તેમણે ૮ મે સુધીમાં જે તે શાળામાં રૂબરૂ જઈને પ્રવેશ મેળવી લેવાનો રહેશે. પ્રથમ રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવ્યા બાદ ખાલી પડેલી બેઠકો ઉપર બીજા રાઉન્ડની કાર્યવાહી કરાશે. પ્રથમ રાઉન્ડની ફાળવણી બાદ ખાલી પડેલી બેઠકો ઉપરાંત પ્રથમ રાઉન્ડ પુર્ણ થયા બાદ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા ન હોવાના લીધે ખાલી પડેલી બેઠકો મળી તમામ બેઠકો નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ ફાળવી શકાય તે માટે બીજો રાઉન્ડ યોજવામાં આવશે. બીજા રાઉન્ડ પુર્વે શાળાઓની પુનઃ પસંદગીની તક આપી ત્યારબાદ બીજા રાઉન્ડની નિયમાનુસાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

# વિકાસદર ઘટી રહ્યો છે ત્યારે દેશ ત્રીજી મોટી અર્થવ્યવસ્થા કઈ રીતે બનશે ?

અમદાવાદ તા.૩૦

આપણા વર્તમાન શાસકો છેલ્લા ઘણા સમયથી આર્થિક, વૈજ્ઞાનિક, સામાજિક વિકાસ જેવા વાસ્તવિક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાને બદલે દેશમાં વિરોધ-વિવાદ અને અસંતોષ પેદા થાય એવા મુદ્દાઓ ઉપર રાજનીતિ કરી રહ્યા છે. વાતો તો તેઓ વિકાસની અને ભારતને દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાની કરી રહ્યા છે પણ વાસ્તવિકતા એ છે કે દેશ પહેલા હતો એનાથી પણ પાછળ જઈ રહ્યો છે ખાસ કરીને આર્થિક મામલે તો આપણો દેશ તેના ભૂતકાળના રેકોર્ડથી પણ નીચે જઈ રહ્યો છે. વિશ્વના બદલાતા પરિદશ્યમાં અમેરિકા, ચીન વગેરે દેશો પડકારો વચ્ચે આગળ વધી રહ્યા છે. જ્યારે આપણે ત્યાં વ્યાપાર વધારવા અને બચાવવાને બદલે વકફ જેવા મુદ્દે રાષ્ટ્રીય રાજકારણ ખેલાઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન પછી વિશ્વ બેંકે જે રીતે ભારતના વિકાસ દરનો અંદાજ ૦.૫ ટકા ઘટાડ્યો છે તેનાથી નિરાશા થવી સ્વાભાવિક છે પરંતુ પ્રશ્ન એ છે કે જ્યારે મોદી સરકાર આગામી થોડા વર્ષોમાં ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનો દાવો કરી રહી છે. તો પછી શું કારણ છે કે વૃદ્ધિદરનો અંદાજ વારંવાર ડગમગતો દેખાય છે ? એ વાત સાચી છે કે અમેરિકાની નવી વેપાર નીતિ બાદ શરૂ થયેલા ટેરિફ યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં અનિશ્ચિતતાનું વાતાવરણ છે વળી ચીન સાથેના વધતા સંઘર્ષને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. તે જ સમયે, છેલ્લા દાયકામાં ઘણા આંચકાઓને કારણે, દક્ષિણ એશિયાના દેશો પાસે વર્તમાન વૈશ્વિક પડકારનો સામનો કરવા માટેનો કોઈ ખાસ ઉકેલ નથી. દરમ્યાન વૈશ્વિક એજન્સીઓએ ભારતના વિકાસ દરનો અંદાજ ઘટાડીને એક રીતે સમગ્ર દેશને ચેતવણી આપી છે. જોકે, હજુ પણ એવી અપેક્ષા છે કે દેશ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા રહેશે અને જો વૈશ્વિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓ ધીમી પડે તો પણ, ભારતનો આર્થિક વિકાસ દર ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૨-૬.૭ના દરે વધી શકે છે. રિઝર્વ બેંકને પણ આશા છે કે અર્થતંત્ર આ દરે વૃદ્ધિ પામતું રહેશે.

ભારતના આર્થિક વિકાસદરમાં ઘટાડા માટે જે કારણો દર્શાવવામાં આવી રહ્યા છે તેમાં નીતિગત અનિશ્ચિતતા અને જાહેર મૂડી રોકાણમાં ઘટાડો સામેલ છે. જો આપણે વૈશ્વિક અર્થતંત્રમાં અપેક્ષા કરતાં ઓછો વિકાસ હાંસલ કર્યો હોય, તો આ બાબતને ગંભીરતાથી લેવી પડશે. ઉદ્યોગ, કૃષિવ્યવસાય અને અન્ય ઘણા ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે, આપણે એ પણ જોવું પડશે કે વિકાસની પ્રક્રિયામાં સામાન્ય માણસ પાછળ રહી જાય છે તો તેનું કારણ શું છે ? ચિંતાજનક બાબત એ છે કે કરવેરા ઘટાડા અને વપરાશ અને રોકાણને વેગ આપવા માટે અનેક ફેરફારો કરાયાં હોવા છતાં, ખાનગી રોકાણની ગતિ ધીમી પડી રહી છે. સમાજની છેવાડાની વ્યક્તિ આગળ વધી શકતી નથી. આપણે આ વિશે વિચારવું પડશે, કારણ કે અર્થતંત્રની ધરીમાં પણ તેની હાજરી છે. આવી નિરાશા વચ્ચે હજુ પણ આશા રાખવી રહી કે દેશ આગળ વધતો રહેશે પરંતુ દેશના શાસકોએ ખોટી આંબલી પીપળી બતાવવાને બદલે વાસ્તવિકતાથી દેશને વાકેફ કરવો જોઈએ અને ક્ષુલ્લક મુદ્દાઓની રાજનીતિ કરવાને બદલે વાસ્તવિક મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

# સિંધુ નદીના પાણી મુદ્દે ભાજપ-કોંગ્રેસ વચ્ચે વાકયુદ્ધ

સુરત, તા.૩૦

જમ્મુ-કાશમીરમાં થયેલા આતંકી હુમલાના પડઘામાં હવે સિંધુ નદીના મુદ્દે રાજકારણ શરૂ થયું છે. પાકિસ્તાન સામે કડક વલણ દર્શાવતી કેન્દ્ર સરકારની જાહેરાત પછી, સિંધુ નદીના પાણી અંગેનો વિવાદ નવા ચરમસીમાએ પહોંચ્યો છે. જ્યાં એક તરફ જળ સંપત્તિ મંત્રી સી.આર.પાટીલે પાકિસ્તાન તરફ વહેતાં સિંધુ નદીના જળને રોકવાનો સંકેત આપ્યો છે, ત્યાં બીજી તરફ કોંગ્રેસ નેતાએ આ નિવેદન અને નિર્ણયને લઈને સરકાર સામે પ્રશ્નો કર્યા છે. કોંગ્રેસના વર્કિંગ કમિટીના સભ્ય અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાટે જણાવ્યું કે, જળ સંપતિ મંત્રી સી.આર પાટીલે સિંધુ નદીનું પાણી બંધ કરવાનું નિવેદન આપ્યું છે. આ મુદ્દાને લઈને દેશભરના અનેક લોકો પોતાના નિવેદનો આપી રહ્યા છે અને કહી રહ્યા છે કે, દેશ પાસે સિંધુ નદીનું પાણી પાકિસ્તાનને આપતું અટકાવવા માટે કોઈ વ્યવસ્થા નથી. લોકોને આ મુદ્દે ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે હું કહેવા માંગુ છું કે, આ પ્રકારની શંકા જ્યારે દેશભરમાં ઊભી થતી હોય ત્યારે કેન્દ્ર સરકારે આનો ખુલાસો કરવો જોઈએ અને સ્પષ્ટતા કરવી જોઈએ કે, તેઓ સિંધુ નદીનું જળ કેવી રીતે બંધ કરી રહ્યા છે? જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનને પાણી માટે મોહતાજ થવું પડશે, તે પ્રકારનો નિર્ણય મોદી સરકાર દ્વારા લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યો છે. હવે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લઈ લેવામાં આવ્યો છે અને જળ સંપત્તિ મંત્રી સી.આર. પાટીલે પણ મંચ ઉપરથી અને મીડિયા સમક્ષ સિંધુ નદીનું જળ પાકિસ્તાનને આપવામાં નહીં આવે તે પ્રકારની વાત કરી છે પરંતુ, હવે આ મુદ્દે રાજકારણ ચરમ સપાટી ઉપર આવી ગયું છે. કેન્દ્ર સરકારના મુદ્દાને લઈને ભાજપ-કોંગ્રેસ સામે આવીને સરકારે લીધેલા નિર્ણયની સ્પષ્ટતા કરવા માટે પડકાર ફેંકવામાં આવી રહ્યો છે.

# પહેલગામ આતંકવાદી હુમલો : તણાવ ઓછો કરવા માટે અમેરિકા ભારત અને પાકિસ્તાનના સંપર્કમા

નવી દિલ્હી, તા.૩૦



જમ્મુ અને કાશમીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના કરૂણ મૃત્યુ બાદ, સંયુકતર રાજ્ય અમેરિકાએ બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવાના ઉદ્દેશ્યથી ભારત અને પાકિસ્તાન બંને સાથે સંવાદ શરૂ કર્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બંને રાષ્ટ્રોને આ પરિસ્થિતિના ‘‘જવાબદાર ઉકેલ’’ તરફ આગળ વધવા માટે આગ્રહ કર્યો છે. હુમલા પછી અમેરિકી સરકારે જાહેરમાં ભારતને પોતાનું સમર્થન દર્શાવ્યું છે, પરંતુ પાકિસ્તાનની ટીકા કરવાનું ટાળ્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવકતાએ રોઈટર્સને એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘આ એક ગતિશીલ પરિસ્થિતિ છે અને અમે ઘટનાક્રમ ઉપર ઝીણવટથી નજર રાખી રહ્યા છીએ. અમે ભારત અને પાકિસ્તાનની સરકારો સાથે અનેક સ્તરે સંપર્કમાં છીએ.’’ પ્રવકતાએ વોશિંગ્ટન દ્વારા પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને ભારત સાથે મક્કમતાથી ઊભા રહેવાની વાત દોહરાવી હતી, જે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ વાન્સ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા નિવેદનોને મળતી આવે છે. પાકિસ્તાનના અત્યંત નજીકના સાથી ચીને અહેવાલો અનુસાર, તેના સાર્વભૌમત્વ અને સુરક્ષા હિતોનું રક્ષણ કરવામાં પાકિસ્તાનને પોતાનું સંપૂર્ણ સમર્થન આપ્યું છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નવી દિલ્હી અને ઈસ્લામાબાદને સંયમ જાળવવા માટે વિનંતી કરી હતી. ચીનના વિદેશ મંત્રાલયના એક સત્તાવાર નિવેદન અનુસાર, વાંગે તેમના પાકિસ્તાની સમકક્ષ ઈશાક ડાર સાથેની ટેલિફોનિક વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે ચીન આ આતંકવાદી હુમલા બાદના ઘટનાક્રમ ઉપર બારીકાઈથી નજર રાખી રહ્યું છે અને આ ઘટનાની ‘‘નિષ્પક્ષ તપાસ’’ને પોતાનું સમર્થન આપે છે. ઈરાને પણ શુક્રવારે બંને દેશો સાથે વાતચીત કરી હતી અને પરિસ્થિતિને શાંત કરવા માટે પોતાની મદદની ઓફર કરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા જતા તણાવ વચ્ચે પોતાનું મૌન તોડતા, પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે જણાવ્યું હતું કે તેમનો દેશ પહેલગામ આતંકવાદી હુમલાની કોઈપણ ‘‘તટસ્થ અને પારદર્શક’’ તપાસ માટે ખુલ્લો છે. શરીફનું આ નિવેદન પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ન્યૂયોર્ક ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યુના એક દિવસ પછી આવ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાન ‘‘આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો દ્વારા કરવામાં આવતી કોઈપણ તપાસમાં સહકાર આપવા માટે તૈયાર છે.’’ આ આતંકવાદી હુમલા બાદ, ભારતે સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરવાનો અને ઈસ્લામાબાદ સાથેના રાજદ્વારી સંબંધોને નીચલા સ્તરે લાવવાનો ઔપચારિક નિર્ણય લીધો છે. તેના પ્રતિભાવમાં, પાકિસ્તાને ભારતીય વિમાનો માટે તેની હવાઈ સીમા બંધ કરી દીધી છે અને ત્રીજા દેશો દ્વારા સહિત ભારત સાથેના તમામ વેપાર સંબંધો સ્થગિત કરી દીધા છે. શરૂઆતમાં, પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલા એક પ્રમાણમાં અજાણ્યા જૂથ, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)એ આ આતંકવાદી હુમલાની જવાબદારી લીધી હતી. જો કે, બાદમાં આ જૂથે સ્પષ્ટપણે કોઈપણ સંડોવણીનો ઈન્કાર કર્યો હતો અને જણાવ્યું હતું કે TRFને આ કૃત્ય માટે જવાબદાર ઠેરવવું ખોટું છે અને કાશ્મીરી પ્રતિકારને બદનામ કરવાના અભિયાનનો એક ભાગ છે. વધતા તણાવ વચ્ચે, ભારત અને પાકિસ્તાને તેમની વાસ્તવિક સરહદ, નિયંત્રણ રેખા (LoC) ઉપર સતત ચોથી રાત્રે ગોળીબાર કર્યો હતો, જે ચાર વર્ષના શાંત સમયગાળાનો અંત લાવ્યો હતો. ભારતીય સેનાએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે પાકિસ્તાની આર્મી પોસ્ટ્સે ૨૭-૨૮ એપ્રિલની રાત્રે નિયંત્રણ રેખા ઉપર અકારણ નાના હથિયારોથી ગોળીબાર શરૂ કર્યો હતો. જો કે કોઈ જાનહાનિના અહેવાલ નથી, ઈસ્લામાબાદે તરત જ આ ઘટનાની પુષ્ટિ કરી નથી. હુમલાના જવાબમાં, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાવતરાખોરોને ‘‘સખતમાં સખત સજા’’ આપવાની અને પીડિતોના પરિવારોને ન્યાય અપાવવાની પ્રતિજ્ઞા લીધી છે અને આતંકવાદ સામે ભારતનો અડગ સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# જૂનથી ફરી શરૂ થશે કૈલાસ માનસરોવર યાત્રા, જાણો શા માટે ચીને યાત્રા રોકી હતી



(એજન્સી) તા.૩૦

ભારત અને ચીને પાંચ વર્ષ પછી જૂન ૨૦૨૫થી કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે. હિન્દુ, જૈન, બૌદ્ધ ધર્મના અનુયાયીઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ આ પવિત્ર યાત્રા ૨૦૨૦થી સ્થગિત કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલય (MEA) એ સત્તાવાર જાહેરાત કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે આ યાત્રા જૂનથી ઓગસ્ટ ૨૦૨૫ દરમ્યાન ઉત્તરાખંડમાં લિપુલેખ પાસ અને નાથુ લા પાસ દ્વારા યોજાશે. આ પગલાને બંને દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વર્ષે ૭૫૦ યાત્રાળુઓ આ યાત્રામાં ભાગ લઈ શકશે. ૫ બેચ, જેમાં પ્રત્યેક ૫૦ યાત્રાળુઓ હશે, ઉત્તરાખંડના લિપુલેખ પાસ થઈને મુસાફરી કરશે અને ૧૦ બેચ, જેમાં પ્રત્યેક ૫૦ યાત્રાળુઓ હશે, સિક્કિમના નાથુ લા પાસ થઈને મુસાફરી કરશે. મુસાફરોની પસંદગી વાજબી, કોમ્પ્યુટરઆધારિત અને લિંગ-સંતુલિત પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. રસ ધરાવતા યાત્રાળુઓ http://kmy.gov.in ઉપર ઓનલાઈન અરજી કરી શકે છે. આ યાત્રાનું આયોજન વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP), દિલ્હી, સિક્કિમ અને ઉત્તરાખંડ સરકારો તેમજ કુમાઉ મંડળ વિકાસ નિગમ (KMVN) અને સિક્કિમ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન જેવી રાજ્ય એજન્સીઓના સહયોગથી કરવામાં આવશે. ૧૯૮૧થી કાર્યરત લિપુલેખ રૂટમાં ખૂબ જ મુશ્કેલ ટ્રેકિંગનો સમાવેશ થાય છે, જ્યારે ૨૦૧૫માં ખુલેલો નાથુ લા રૂટ સંપૂર્ણપણે મોટરેબલ છે, જે વરિષ્ઠ નાગરિકો માટે વધુ અનુકૂળ બનાવે છે. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૦માં પહેલી વાર કૈલાશ માનસરોવર યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. તે સમયે વૈશ્વિક આરોગ્ય કટોકટીને કારણે મુસાફરી અને પર્યટન પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી.

જોકે, ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ વધતાં, મહામારી પછી પણ આ યાત્રા ફરી શરૂ થઈ શકી નહીં. ૨૦૨૦માં, લદ્દાખની ગલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં ૨૦ ભારતીય સૈનિકો અને ઓછામાં ઓછા ચાર ચીની સૈનિકો માર્યા ગયા હતા. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના સંબંધોને ૧૯૬૨ના યુદ્ધ પછીના સૌથી નીચલા સ્તરે પહોંચાડ્યા. પરિણામે, સરહદ ઉપર તણાવ વધ્યો અને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) ઉપર ઘણી જગ્યાએ લશ્કરી ગતિરોધ જોવા મળ્યો. આ તણાવને કારણે તિબેટ સ્વાયત્ત પ્રદેશ (TAR)ના અધિકારીઓએ તેમના તરફથી મુસાફરી માટે જરૂરી વ્યવસ્થા કરી ન હતી, જેના કારણે મુસાફરી સ્થગિત રહી. જોકે, ૨૦૧૪માં ભારત અને ચીન વચ્ચે થયેલા કરારો મુજબ, ચીન પૂર્વ સૂચના વિના એકપક્ષીય રીતે મુસાફરી સ્થગિત કરી શકતું નથી. જોકે, કોવિડ-૧૯ અને બાદમાં સરહદી તણાવને ટાંકીને ચીને મુસાફરી અટકાવી દીધી. ભારત દ્વારા આ મુદ્દો સતત ઉઠાવવામાં આવતો રહ્યો. તાજેતરના મહિનાઓમાં ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં સુધારો થવાને કારણે મુસાફરી ફરી શરૂ થઈ હોવાનું કહેવાય છે. ઓક્ટોબર ૨૦૨૪માં બંને દેશોએ લદ્દાખના ડેમચોક અને ડેપસાંગમાં લશ્કરી ગતિરોધને સમાપ્ત કરવા માટે એક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટની બાજુમાં મળ્યા, જ્યાં બંને નેતાઓ સંબંધોને સામાન્ય બનાવવા તરફ પગલાં લેવા સંમત થયા. જાન્યુઆરી ૨૦૨૫માં ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ બેઈજિંગમાં ચીનના વિદેશ સચિવ સન વેઈડોંગ સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી. આ દરમ્યાન બંને પક્ષો ૨૦૨૫ના ઉનાળામાં મુસાફરી ફરી શરૂ કરવા, સીધી ફ્લાઈટ્સ પુર્નઃ સ્થાપિત કરવા અને સરહદ પારની નદીઓ ઉપર ડેટા શેર કરવા જેવા લોકો-કેન્દ્રિત પગલાં ઉપર સંમત થયા. માર્ચ ૨૦૨૫માં, ભારત-ચીન સરહદી બાબતો પર સલાહ અને સંકલન માટે કાર્યકારી પદ્ધતિ (WMCC)ની ૩૩મી બેઠકમાં આ ચર્ચાઓને વધુ મજબૂત બનાવવામાં આવી હતી. નવેમ્બર ૨૦૨૪માં રિયો ડી જાનેરોમાં G-20 સમિટ દરમ્યાન વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે આ મુદ્દો ઉઠાવ્યો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વાંગ યીએ ડિસેમ્બર ૨૦૨૪માં ખાસ પ્રતિનિધિઓની બેઠકમાં મુલાકાત ફરી શરૂ કરવા અંગે ચર્ચા કરી હતી. વિદેશ મંત્રાલયે યાત્રાળુઓને વિનંતી કરી છે કે તેઓ કોઈપણ પ્રશ્નો અથવા સૂચનો માટે વેબસાઈટ ઉપર ઉપલબ્ધ પ્રતિસાદ વિકલ્પોનો ઉપયોગ કરે અને પત્રો કે ફેક્સ ન મોકલે. વધુમાં, મુશ્કેલ મુસાફરી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, યાત્રાળુઓએ દિલ્હી અને ગુંજીમાં ફરજિયાત આરોગ્ય તપાસ કરાવવી પડશે. ફક્ત આરોગ્ય માપદંડો પૂર્ણ કરનારા મુસાફરો જ મુસાફરી ઉપર આગળ વધી શકશે. કૈલાશ માનસરોવર યાત્રા હિન્દુઓ, જૈનો, બૌદ્ધો અને બોન ધર્મના અનુયાયીઓ માટે ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. હિન્દુ ધર્મમાં કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે, જ્યારે માનસરોવર તળાવ આત્માને શુદ્ધ કરે છે તેવું માનવામાં આવે છે. યાત્રાળુઓ કૈલાશ પર્વતની પરિક્રમા (પરિક્રમા) કરે છે અને માનસરોવર તળાવના પાણીમાં સ્નાન કરે છે અથવા પૂજા કરે છે, જે પાપોને ધોવા અને મુક્તિ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે તેવું માનવામાં આવે છે. આ યાત્રા ૪,૬૦૦થી ૫,૧૧૫ મીટરની ઊંચાઈએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં કરવામાં આવે છે, જે યાત્રાળુઓ માટે શારીરિક અને આધ્યાત્મિક રીતે પડકારજનક બનાવે છે.

### ૧૦૦ અને ૨૦૦ની નોટો મુદ્દે મોટો નિર્ણય

# ૧૦૦-૨૦૦ની નોટની ઉપલબ્ધતા વધારવી જરૂરી, RBIએ બેન્કોને આપ્યા કડક નિર્દેશ

નવીદિલ્હી,તા.૩૦

બેક્ક એટીએમમાંથી પૈસા ઉપાડતી વખતે મોટાભાગે રૂ. ૫૦૦ની જ નોટ નીકળે છે. ૧૦૦-૨૦૦ની નોટ ભાગ્યે જ જોવા મળતી હોય છે. પરંતુ હવે આમ નહીં થાય. આરબીઆઈએ મહત્ત્વનો નિર્ણય લેતાં તમામ બેક્કોને નિર્દેશ આપવામાં આવ્યા છે કે, એટીએમમાંથી રૂા. ૧૦૦ અને રૂા.૨૦૦ની નોટ પણ નીકળે.

આરબીઆઈએ સોમવારે બેંકોને નિર્દેશ આપ્યા હતાં કે, સામાન્ય લોકો માટે નાની રકમની નોટની ઉપલબ્ધતા વધારવા માટે આ પગલું લેવું જરૂરી છે. બેંકોએ એટીએમમાંથી આ મૂલ્યના કરન્સી નોટ પર્યાપ્ત પ્રમાણમાં મળી રહે તેની ખાતરી કરવી. બેંકો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સે આ નિર્દેશને તબક્કાવાર લાગુ કરવા કહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વ્હાઈટ લેબલ એટીએમ સરકારી અને પ્રાઈવેટ બેંકોના એટીએમની જેમ કામ કરે છે. તેને ખાનગી અને નોન બેક્કિંગ ફાઈનાન્સ કંપનીઓ ઈન્સ્ટોલ કરે છે. તેમાં વિવિધ બેક્કોના ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ મારફત રોકડ ઉપાડ, બેલેન્સ ચેક સહિતની તમામ સુવિધાઓ મળે છે. આરબીઆઈએ સર્ક્યુલરમાં જણાવ્યુ છે કે, મોટાભાગે એટીએમમાંથી રોકડ ઉપાડતી વખતે રૂા. ૫૦૦ના મૂલ્યની નોટ જ નીકળે છે. આથી નાના અને સામાન્ય નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખતાં તમામ બેક્કો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સને ખાતરી કરવા આદેશ છે કે, તેમના એટીએમમાંથી નિયમિત ધોરણે રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ નીકળે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી તમામ એટીએમમાંથી ૭૫ ટકા એટીએમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાં રૂ. ૧૦૦ અને રૂા.૨૦૦ની નોટ નીકળવી જોઈએ. ત્યારબાદ આગામી તબક્કામાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ૯૦ ટકા એટીએમમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાંથી રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ના મૂલ્યની નોટ નીકળવી જોઈએ.આરબીઆઈએ અગાઉ જારી કરેલા સર્ક્યુલરમાં ૧ મે, ૨૦૨૫થી એટીએમમાંથી રોકડ ઉપાડના નિયમો પણ બદલ્યા છે. જેમાં હોમ બેક્ક નેટવર્ક સિવાયના એટીએમમાંથી ઉપાડ, બેલેન્સ ચેક માટે યુઝરે વધુ ચાર્જ ચૂકવવો પડશે. ૧ મેથી અન્ય બેક્કના એટીએમમાંથી ઉપાડ પર રૂા. ૧૯ અને બેલેન્સ ચેક કરવા પર રૂા. ૭ પેટે ચાર્જ ચૂકવવો પડશે. જે પહેલાં ક્રમશઃ રૂા. ૧૭ અને રૂા. ૬ હતો.

### નિયમનું ઉલ્લંઘન કરનારને થશે રૂ.૫ હજારનો દંડ

# બદ્રીનાથ ધામ પરિસરમાં વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ

## મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે

દેહરાદૂન,તા.૩૦

આ વખતે ચારધામ યાત્રાને વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા માટે વહીવટીતંત્રે બદ્રીનાથ ધામમાં ઘણી નવી વ્યવસ્થાઓ લાગુ કરી છે. મંદિર પરિસરમાં વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ભક્તો પર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.

સોમવારે જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ.સંદીપ તિવારીએ પ્રવાસ વ્યવસ્થા અંગે બેઠક યોજી હતી અને તમામ સંબંધિત અધિકારીઓ અને હિતધારકો સાથે ચર્ચા કરી હતી. યાત્રાને વધુ સારી બનાવવા માટે બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ધામમાં ભક્તોને કાપડના ચપ્પલ અને જાડા મોજાં પહેરવાની સલાહ આપવામાં આવશે. આ માટે હોટલ માલિકોને કાપડના ચંપલ અને મોજાં આપવા સૂચના આપવામાં આવી છે. તેમજ મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે.

પ્રસાદની દુકાનો પર પણ કંટ્રોલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવશે. મ્દ્ભઝના સીઈઓ વિજય થાપલિયાલે કહ્યું કે મંદિરની નજીક ભીડ ઓછી કરવા માટે માત્ર એવા લોકોને જ દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવશે જેઓ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી ત્યાં દુકાનો ચલાવી રહ્યા છે.

આ સિવાય પરિવારમાંથી માત્ર એક વ્યક્તિને જ દુકાન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટે નિર્દેશ આપ્યો છે કે આવા સ્થળોની ઓળખ કરવી જોઈએ જ્યાં દુકાનો સ્થાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ હશે.

મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે પાંડુકેશ્વરમાં પોલીસ બેરિકેડિંગ વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે આદેશ આપ્યો હતો કે ચમોલીના સ્થાનિક લોકોની તપાસ ન કરવી જોઈએ અને પ્રવાસીઓને હોટલની ક્ષમતા મુજબ આગળ વધવાની મંજૂરી આપવી જોઈએ.

યાત્રાના રૂટ પર ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પોલીસ અધિક્ષક સર્વેશ પંવરે જણાવ્યું હતું કે હોટલ માલિકોએ બુક કરેલા વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી પડશે, અન્યથા ચલણની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ હોટલોમાં ફરજિયાતપણે ઓક્સિજન કોન્સન્ટ્રેટર રાખવા સૂચના આપવામાં આવી છે. આ સાથે, હોટલ અને સંસ્થાઓમાં ૧૩ ભાષાઓમાં જારી કરાયેલા સ્વાસ્થ્ય સલાહના ઊઈ કોડ પ્રદર્શિત કરવાની સૂચના પણ આપવામાં આવી છે.આ વખતે મંદિર દર્શન માટે સ્લોટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. નિર્ધારિત સમયે દર્શન માટે શ્રદ્ધાળુઓને ટોકન આપવામાં આવશે, જે **ISBT, BRO** ચોક અને માના પાસ સહિત વિવિધ સ્થળોએ ચેક કરવામાં આવશે. પ્રવાસન અધિકારી બ્રિજેન્દ્ર પાંડેએ જણાવ્યું હતું કે ગૌચર અને પાંડુકેશ્વરમાં પણ ટ્રાવેલ રજિસ્ટ્રેશનનું કડક ચેકિંગ કરવામાં આવશે.

### પહેલગામ આતંકવાદી હુમલાને વખોડતા

## ખંભાળિયા સુન્ની મુસ્લિમ જમાત : કડક પગલાની માંગ : જિલ્લા કલેક્ટરને અપાયું આવેદનપત્ર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

કાશ્મીરના પહેલગામમાં ગત તારીખ ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં અનેક નિર્દોષ પ્રવાસીઓના જીવ ગયા છે. આટલું જ નહીં, અનેક લોકો ઈજાગ્રસ્ત પણ બન્યા છે. આ ઘાતકી કૃત્યને ખંભાળિયાના સમસ્ત સુની મુસ્લિમ જમાતના લોકોએ સખત શબ્દોમાં વખોડીને વિરોધ કર્યો છે.

આના અનુસંધાને સોમવારે અહીંના સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજના આગેવાનો, હોદ્દેદારોએ અહીંના જિલ્લા કલેકટરને એક લેખિત આવેદનપત્ર પાઠવી અને સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ વતી દુઃખની લાગણી વ્યક્ત કરી છે. આ ઉપરાંત મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી અને આ ગુનાના અપરાધીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ આ પત્રમાં કરવામાં આવી છે. અહીંના સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હુશેનભાઈ ભોકલ તેમજ ઉપપ્રમુખ યાકુબબાપુ બુખારી સહિતના આગેવાનોએ આ આવેદનપત્ર પાઠવ્યું હતું.

## નાવદ્રા વિસ્તારમાંથી દરિયાઈ રેતી ભરેલું ટ્રેક્ટર ઝડપાયું



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૩૦

કલ્યાણપુર વિસ્તારમાં સ્થાનિક પી.એસ.આઈ. યુ.બી. અખેડની સૂચના મુજબ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. વજસી ભાઈ પોસ્તરીયા તથા સુમાતભાઈ વારોતરીયાને મળેલી બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે કારગીલ બંદરથી દરિયાની ખારી રેતી ભરીને કોઈ શખ્સ પસાર થતો હોવાથી પોલીસ સ્ટાફ દ્વારા ગોઠવવામાં આવેલી વોચમાં નાવદ્રા ગામ વિસ્તારમાંથી એક ટ્રેક્ટરમાં બિનઅધિકૃત રીતે દરિયાઈ રેતી ભરીને નીકળેલા આ ટ્રેક્ટર ચાલકને ટ્રોલી સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં જી.જે. ૩૭ એમ. ૫૯૨૫ નંબરના રેતી ભરેલા ટ્રેક્ટર તેમજ ટ્રોલી સાથે નાવદ્રા ગામના નથુ ગોવાભાઈ ગોધમ નામના ૩૦ વર્ષના શખ્સની પોલીસે અટકાયત કરી, આ અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### એક લાખ કરોડના બિઝનેસ પર થશે અસર

# CAITએ પાકિસ્તાન સાથેની તમામ બિઝનેસ ડીલ રદ કરી

## ભુવનેશ્વરમાં યોજાયેલી કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની અખિલ ભારતીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો

ભુવનેશ્વર,તા.૩૦

ભારતના વેપારીઓના સૌથી મોટા સંગઠન કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ નિર્ણય લીધો છે કે તે પહેલી મેથી પાકિસ્તાન સાથે કોઈપણ વેપાર કરાર કરશે નહીં. આ ઉપરાંત અત્યાર સુધી થયેલા તમામ કરારો રદ કરવામાં આવશે. ભુવનેશ્વરમાં યોજાયેલી કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની અખિલ ભારતીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોન્ફિડન્સ ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના દેશભરમાં લગભગ ૯ કરોડ વેપારી સભ્યો છે. સમિતિના અધ્યક્ષ બી.સી. ભારતીયાએ જણાવ્યું હતું કે, 'ભુવનેશ્વરમાં યોજાયેલી બેઠકમાં તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. જેમાં પાકિસ્તાન સાથેના તમામ વ્યાપારિક સોદાઓ સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પાકિસ્તાનના ઉદ્યોગપતિઓ **CAT** દ્વારા લગભગ ૧ લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય કરે છે.'

અહેવાલો અનુસાર, ભારતીય વેપારીઓ પાકિસ્તાન સાથે ખાંડ, સિમેન્ટ, લોખંડ, વાહનના ભાગો, ઈલેક્ટ્રિકલ સામાનનો વ્યવસાય કરે છે, પરંતુ હવે તેમણે નિર્ણય લીધો છે કે તેઓ પહેલી મેથી આ વ્યવસાય નહીં કરે. વેપારીઓ ટૂંક સમયમાં આ અંગે વડાપ્રધાન કાર્યાલય, નાણાં પ્રધાન કાર્યાલય, વાણિજ્ય મંત્રાલયને જાણ કરશે. એક તરફ સરકારે પાણી પુરવઠો બંધ કરી દીધો છે, બીજી તરફ વેપારીઓ પણ પોતાને દેશના સૈનિક માને છે, જેના અંતર્ગત તેમણે પાકિસ્તાન સાથે વેપાર સંબંધો તોડવાનો નિર્ણય લીધો છે, આ નિર્ણય પાકિસ્તાનને આર્થિક રીતે પણ નબળું પાડશે.

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અનુસાર, ભારતીય વેપારીઓ પાકિસ્તાનથી ડ્રાયફ્રુટ્સની માંગ કરે છે, પરંતુ તે વિસ્તારમાં વ્યવસાય કરતા વેપારીઓએ તેમને કહ્યું કે તેઓ બધા કરાર રદ કરશે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯ માં પુલવામા આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચેના વેપાર સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. પરિણામે બંને દેશો વચ્ચેનો વેપાર ભારે ઘટી ગયો છે, જે ૨૦૧૮માં આશરે ૩ બિલિયન ડોલરનો વાર્ષિક વેપાર હતો જે ૨૦૨૪માં ૧.૨ બિલિયન ડોલર થયો છે.

# ભારત અને પાકિસ્તાન હંમેશા હિંસક અને લોહિયાળ વિભાજનના મત'ભેદ...?!

## ૧૯૪૭માં બ્રિટનથી સ્વતંત્રતા પછી બંન્ને દેશો ધાર્મિક રેખાઓ "પાકિસ્તાન મુખ્યત્વે મુસ્લિમ" અને ભારત તેની મોટાભાગની હિન્દુ વસ્તી માટે બિનસાંપ્રદાયિક લોકશાહી પસંદ કરી

કાશ્મીરમાં પ્રવાસીઓ પર થયેલા ઘાતક હુમલાના ૪૮ કલાકની અંદર, ભારતે તેના પાડોશી પાકિસ્તાન સાથે રાજદ્વારી સંબંધોના દ્વાર બંધ કરી દીધા હતા ભારતીય સરહદ સુરક્ષા દળના જવાનો પાકિસ્તાન સાથે બંધ અટારી-વાઘા સરહદ ક્રોસિંગની રક્ષા કરે છે અને મહત્વપૂર્ણ જળ-વહેંચણી સંધિને સ્થગિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, જ્યારે પાકિસ્તાને ભારતીય વિમાનોને તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને સરહદ પાર વેપાર બંધ કરી દીધો હતો.

અત્રે યાદ રહે કે,૧૯૪૭ માં બ્રિટનથી સ્વતંત્રતા પછી બે દેશોમાં હિંસક અને લોહિયાળ વિભાજન થયા પછી પાકિસ્તાન સાથે ભારતના સંબંધોના ઈતિહાસથી પરિચિત કોઈપણ વ્યક્તિ માટે આ ઝડપી વકરી રહેલી પરિસ્થિતિ આશ્ચર્યજનક નથી. દુશ્મનાવટનું મુખ્ય કેન્દ્ર કાશ્મીર છે, જે હિમાલયનો એક એવો વિસ્તાર છે જેના પર ભારત અને પાકિસ્તાન બંને અલગ ભાગોનું શાસન કરતી વખતે સંપૂર્ણ રીતે દાવો કરે છે.ત્યારથી તેઓ એકબીજા સાથે ઝઘડામાં રહ્યા છે, ક્યારેક ક્યારેક તણાવ સશસ્ત્ર સંઘર્ષમાં પરિણમે છે.

**ભારત અને પાકિસ્તાન અરસપરસ અવિશ્વાસનો 'શ્વાસ' કેમ ભરે છે?**

સ્વતંત્રતા સમયે, દેશો ધાર્મિક રેખાઓ પર વિભાજીત થયા હતા, જેમાં પાકિસ્તાન મુખ્યત્વે મુસ્લિમ બન્યું હતું અને ભારતે તેની મોટાભાગની હિન્દુ વસ્તી માટે બિનસાંપ્રદાયિક લોકશાહી પસંદ કરી હતી. બ્રિટિશરો દ્વારા નવી સરહદો દોરવાથી લગભગ ૧૪ મિલિયન લોકો ઉખેડી નાખવામાં આવ્યા હતા અને સાંપ્રદાયિક હિંસામાં પરિણમ્યા હતા જેમાં ૧૦ લાખ લોકો માર્યા ગયા હતા. ત્યારથી બંને દેશોએ યુદ્ધો લડ્યા છે, જેમાંથી બે કાશ્મીર પર હતા, અને વચ્ચે અનેક અથડામણો થઈ હતી. પાકિસ્તાનના નેતાઓએ ભાગલા પછી ભારતને અસ્તિત્વના ખતરા તરીકે જોયું છે; કેટલાક માને છે કે ભારત હજુ પણ ભાગલાને ઉલટાવી દેવાની આશા રાખે છે.

ભારતીય ગુપ્તચર સેવાઓએ ૨૦૦૧ થી ૨૦૧૯ વચ્ચે થયેલા આતંકવાદી હુમલાઓને પાકિસ્તાન સાથે જોડ્યા છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાને આતંકવાદી જૂથોને કાબૂમાં લેવાનું વચન આપ્યું હતું, પરંતુ નિષ્ફળ ગયા. દેશના નાગરિક નેતાઓ પાસે વિદેશ અને સુરક્ષા નીતિને આકાર આપવાની બહુ ઓછી શક્તિ છે, જે મોટાભાગે સેના અને ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ જાસૂસી એજન્સીનું રક્ષણ છે.

**કાશ્મીરમાં શું ખાસ છે?**

વિભાજન સમયે, ભારત અને પાકિસ્તાને ઉપખંડના વિવિધ રાજ્યો (જે ફક્ત પરોક્ષ રીતે બ્રિટિશરો દ્વારા શાસિત હતા) ને તેમના નવા રાષ્ટ્રોમાં જોડાવા માટે આકર્ષ્યા હતા. મુસ્લિમ બહુમતી ધરાવતા જમ્મુ અને કાશ્મીરના હિન્દુ શાસક, જે યુકે જેટલું કદ ધરાવે છે અને આજે લગભગ ૧૨ મિલિયનની વસ્તી ધરાવે છે, તે આ બાબતમાં ખચકાયા. પાકિસ્તાને અનિયમિત લડવૈયાઓ દ્વારા આક્રમણને પ્રોત્સાહન આપ્યું, ભારતે હસ્તક્ષેપ કર્યો અને બંને દેશો વચ્ચે મડાગાંઠ થઈ ગઈ.

આજે, તેઓ ૪૬૦ માઈલ (૭૪૦ કિલોમીટર) વાસ્તવિક સરહદ પર સામસામે છે જે નિયંત્રણ રેખા તરીકે ઓળખાય છે, જે વિશ્વના સૌથી લશ્કરીકૃત ક્ષેત્રોમાંનો એક છે. આ પ્રદેશમાં બે એવા વિસ્તારો પણ શામેલ છે જે ચીન દ્વારા નિયંત્રિત છે અને ભારત દ્વારા દાવો કરવામાં આવે છે.

નવી દિલ્હી ઈસ્લામાબાદ પર ભારત પર હુમલો કરનારા આતંકવાદી જૂથોને પ્રાયોજિત કરવાનો આરોપ મૂકે છે, જ્યારે પાકિસ્તાન કહે છે કે ભારતની સરકાર કાશ્મીરના મુસ્લિમો સાથે દુર્વ્યવહાર કરે છે અને આતંકવાદીઓને સ્વતંત્રતા સેનાનીઓ તરીકે વર્ણવે છે. ભારતની સરકાર કહે છે કે આતંકવાદીઓને પાકિસ્તાનની સેના દ્વારા તાલીમ અને ભંડોળ આપવામાં આવ્યું છે, અને તેમના નેતાઓ પાકિસ્તાનમાં મુક્તપણે રહે છે.

૨૦૧૯ માં, નવી દિલ્હીએ બંધારણીય ગેરંટી રદ કરીને અને પ્રદેશને વધુ સૈનિકોથી ભરીને કાશ્મીર પર પોતાનું નિયંત્રણ કડક બનાવવાનું પગલું ભર્યું. તાજેતરના વર્ષોમાં, તેના પર્વતીય દશ્યો અને લીલીછમ ખીણો માટે જાણીતો આ વિસ્તાર ફરીથી પ્રવાસીઓમાં અવિસ્મરીયણ ને લોકપ્રિય બન્યો છે.

**૨૨ એપ્રિલના હુમલાના પરિણામે મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો ; વેપાર-વાણિજ્ય પર અસર**

કાશ્મીરમાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો થવાની સંભાવના છે. પાકિસ્તાનના હવાઈ ક્ષેત્ર બંધ થવાથી ભારતીય એરલાઈન્સ પશ્ચિમ તરફ જતી ફ્લાઈટ્સ માટે કલાકો સુધી ડાયટ્યુર લેવાની ફરજ પડી રહી છે, જેના કારણે તેમનો સંચાલન ખર્ચ વધી રહ્યો છે. ભારત સાથે પાકિસ્તાન દ્વારા વેપાર સ્થગિત કરવાની અસર ઓછી થવાની ધારણા છે કારણ કે વાણિજ્ય પહેલાથી જ પ્રમાણમાં નાનો હતોઃ નવી દિલ્હીમાં વેપાર મંત્રાલયના ડેટા અનુસાર, ભારતે ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં પાકિસ્તાનથી ઈ૨.૮૮ મિલિયન મૂલ્યના ઉત્પાદનોની આયાત કરી હતી, જ્યારે તેના પાડોશી દેશને કુલ ઈ૧.૨ બિલિયનની નિકાસ કરી હતી.

સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની ધમકીનું જો ભારત પાલન કરે છે, તો લાંબા ગાળે પાકિસ્તાન પર તેની ગંભીર અસર પડી શકે છે

આ સંધિ હિમાલયમાંથી વહેતી છ નદીઓના પાણીના વિતરણનું નિયમન કરે છે જે બંને દેશોમાં ફળદ્રુપ જમીનને સિંચાઈ કરવા અને વીજળી ઉત્પન્ન કરવા માટેના મુખ્ય સ્રોત છે. ૧૯૬૦ના દાયકામાં તેને ઔપચારિક બનાવવામાં લગભગ એક દાયકાનો સમય લાગ્યો, જેમાં વિશ્વ બેંક મધ્યસ્થી તરીકે કામ કરી રહી હતી. આ સંધિ બંને રાષ્ટ્રોને ત્રણ-ત્રણ નદીઓનો ઉપયોગ આપે છે, અને બંને દેશો એકબીજાના સંસાધનોનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે અથવા કેવી રીતે ન કરી શકે તેનો વિગતવાર નકશો પ્રદાન કરે છે.

ભારત દ્વારા પાણીને વાળવાનો કોઈપણ પ્રયાસ ઉત્તર પાકિસ્તાનમાં કૃષિને બરબાદ કરી શકે છે.

નવી દિલ્હીની પાણીને દિશામાન કરવાની ક્ષમતા હાલમાં મર્યાદિત છે કારણ કે તેમાં જરૂરી માળખાકીય સુવિધાઓનો અભાવ છે. જો કે, સંધિને સ્થગિત કરવાથી ભારત નાના પાયે નદી કિનારે પ્રોજેક્ટ્સ બનાવી શકે છે જેને અન્યથા પાકિસ્તાનની મંજૂરીની જરૂર પડશે. પાકિસ્તાનમાં પાણીના પ્રવાહને વધુ ગંભીર રીતે વિક્ષેપિત કરવા માટે, ભારતને તેની સંગ્રહ ક્ષમતા વધારવા માટે અબજો ડોલર ખર્ચવાની જરૂર પડશે.

પાકિસ્તાને કહ્યું છે કે સંધિ બંધનકર્તા છે અને જો તેનું ઉલ્લંઘન થશે તો તે "સંપૂર્ણ શક્તિ" સાથે જવાબ આપશે. સંધિના વિવાદ અથવા ભંગની સ્થિતિમાં, બંને દેશો બહારના મધ્યસ્થી, "તટસ્થ નિષ્ણાત" અથવા મધ્યસ્થી અદાલતમાં અપીલ કરી શકે છે.

અત્રે નોંધનીય છે કે, બંને દેશોની સરકારો તણાવ વધવાના જોખમોથી વાકેફ છે, અને ભૂતકાળમાં વૈશ્વિક શક્તિઓએ તેમને દુશ્મનાવટથી દૂર રહેવા માટે સમજાવ્યા છે જેથી બંને પક્ષો પરમાણુ મિસાઈલો સુધી પહોંચી શકે તેવા જોખમને ટાળી શકાય.

પરંતુ વધુ નોંધપાત્ર સમાધાન અશક્ય લાગે છે. હિન્દુ રાષ્ટ્રવાદી મોદીના નેતૃત્વમાં પાકિસ્તાન પ્રત્યે ભારતનું વલણ વધુ સ્પષ્ટ બન્યું છે, અને ભારતે કહ્યું છે કે તે શાંતિ વાટાઘાટો શરૂ કરી શકે છે, જો પાકિસ્તાન તેની સરહદોની અંદર એવા આતંકવાદી જૂથો પર કડક કાર્યવાહી કરે જે ભારતની સુરક્ષા માટે જોખમી છે. જો પાકિસ્તાનની નાગરિક સરકાર દુશ્મનાવટને દફનાવવા માંગતી હોય, તો પણ તેને પહેલા એક લશ્કરી સ્થાપના પર વિજય મેળવવાની જરૂર પડશે જે સતત આવા કોઈપણ પગલાને નકારી રહી છે.

પાકિસ્તાનની સેનાએ ભૂતકાળમાં સૂચવ્યું હતું કે તે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાથી ભારતના ઉત્તરમાંથી પસાર થવા માટે ખુલ્લા રહેશે, પરંતુ ૨૦૧૯ માં મોદીએ કાશ્મીરની બંધારણીય ગેરંટીઓ દૂર કર્યા પછી આ વિચાર પાછો ખેંચી લીધો હતો. ત્યારથી, પાકિસ્તાને કહ્યું છે કે કોઈપણ શાંતિ વાટાઘાટો ફક્ત તે નિર્ણયને ઉલટાવ્યા પછી જ થઈ શકે છે.અમેરિકા અને ચીન વચ્ચેના વ્યૂહાત્મક અવરોધને કારણે સંબંધો સુધારવા માટેનો ઉત્સાહ પણ ઓછો થયો હશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત અમેરિકાની નજીક આવ્યું છે, જ્યારે પાકિસ્તાન - ઐતિહાસિક રીતે સુરક્ષા બાબતોમાં વોશિંગ્ટનનો ભાગીદાર - બેઈજિંગના ભ્રમણકક્ષા તરફ વળ્યું છે કારણ કે ચીને તેના બેલ્ટ એન્ડ રોડ પહેલ હેઠળ દેશના માળખાગત સુવિધાઓમાં અબજો ડોલરનું રોકાણ કર્યું છે તેથી અમેરિકા અને ચીને નરોવા કુંજોવા જેવો આલાપ છેડ્યો છે જયારે અન્ય દેશોએ ભારતના ત્રાસવાદી વિરોધી વલણને ટેકો આપી અમો ભારત સાથે હોવાનું જ કહીંયુ છે અને જરૂરી તમામ મદદ કરવાની પણ ખાત્રી આપી છે તે દેશોનો ભારતે આભાર માન્યો છે. પરંતુ એકંદરે ત્રાસવાદને પોસતા પાકિસ્તાનને જયાં સુધી ભારત "વૈશ્વવિક લેવલે" તેની "બોધપાઠરૂપી" નોંધ લેવાય તેવો પરચો દેખાડવો પડશે. ત્યારે આપોઆપ ખબર પડી જશે કે કયા દેશે ત્રાસવાદ વિરોધી "બોધ" લીધો અને કયો દેશ ખાલી "પાઠ" ભણાવે છે...!! કારણકે ત્રાસવાદ એ એક એવો વૈશ્વવિક "કીડો" છે કે જે દેશમાં ફેલાય છે તે દેશનું નિકંદન કાઢી નાખે છે (ધાર્મિક-આર્થિક- સામાજિક અને વર્તમાન માળખાકીય સુવિધા સહિતની તમામ સ્તરે) એટલે કે કહેવાનો ભાવાર્થ એટલો સ્પષ્ટ છે કે "ત્રાસવાદ" એ એક ખાલી ભારત માટે જ નહિ પરંતુ વૈશ્વવિક "ત્રાસ"નો હિંસક "વાદ" છે તેનો બધા દેશોએ સાથે મળીને ત્રાસવાદ વિરોધી "સંવાદ" રચીને તેનો પરિચ્છેદ ઉડાડી દેવો તે વર્તમાન વૈશ્વવિક સમય માટે અતિ

# જૂનાગઢમાં ભગવાન પરશુરામજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ

## ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી નિમિત્તે જાગનાથ મંદિરેથી શોભાયાત્રા નીકળી શહેરનાં માર્ગો ઉપર પસાર થઈ ભવનાથ મહાદેવ મંદિરનાં ગ્રાઉન્ડમાં સમાપન : મહાઆરતી - પ્રસાદનો કાર્યક્રમ યોજાયો








જૂનાગઢ તા. ૩૦ :

જૂનાગઢમાં ગઈકાલે ભગવાન પરશુરામજીનાં જન્મોત્સવની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. એક ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ શોભાયાત્રાનો જાગનાથ મહાદેવ મંદિર ખાતેથી પ્રારંભ થયો હતો અને આ શોભાયાત્રા શહેરનાં જુદા જુદા માર્ગો ઉપરથી પસાર થઈ હતી. જય પરશુરામનો જયઘોષ ગુંજી ઉઠયો હતો. વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રા ભૂતનાથ મહાદેવ મંદિર પહોંચી હતી. જયાં ગ્રાઉન્ડમાં શોભાયાત્રાનું સમાપન થયું હતું. ત્યાર બાદ મહાઆરતી યોજવામાં આવી હતી અને સમુહ પ્રસાદ ભોજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સમસ્ત બ્રહ્મ સમાજનાં આગેવાનો, કાર્યકર્તા ભાઈઓ બહેનો તેમજ પરીવાર સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ જૂનાગઢનાં સંસ્થાપક જયદેવભાઈ જોષી, પ્રમુખ મનીષભાઈ ત્રીવેદી, સંસ્થાપક કાર્તિકભાઈ ઠાકર અને સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટનાં કાર્યકરો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે ગણેશ ચોથની ભાવભેર ઉજવણી

## અખાત્રીજનો દિવસ અને ગણેશ ચોથનો શુભગ સંયોગ વિધ્નહર્તા દેવની પૂજા અને ઘઉંમાથી બનાવેલા લાડુ ધરાશે



જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે ગણેશ ચોથની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે વિધ્નહર્તા દેવને ઘઉંમાંથી બનાવેલા લાડુનો પ્રસાદ ધરવામાં આવ્યો છે અને પ્રાર્થના કરવામાં આવી રહી છે. વૈશાખ સુદ ત્રીજ ને બુધવારનો દિવસ અતિ મહત્વનો છે. આ વર્ષે બુધવારનાં આજના દિવસે ૨.૧૪ સુધી ત્રીજની તિથી છે. અને ત્યારબાદ ચોથની તિથી છે. જયારે ગુરૂવારે સવારનાં ૧૧.૨૫ કલાક સુધી જ ચોથની તિથી છે. દરેક પંચાગ પ્રમાણે અને જયોતિષનાં નિયમ પ્રમાણે ગણેશ ચતુર્થી આજે બુધવારે મનાવવામાં આવી રહી છે. શુભ કાર્યોની શુરૂઆત વિધ્નહર્તા દેવની પૂજાથી થતી હોય છે. વિધ્નહર્તા દેવ અને રિધ્ધી-સિધ્ધીનાં દાતા ભગવાન ગણેશજીની આજે પૂજન, અર્ચન, આરતી, લાડુનો પ્રસાદ ધરી વિશેષ પૂજા કરવામાં આવી રહી છે. આ દિવસે નવા ઘઉંમાંથી બનાવેલા લાડવા ગણપતિ દાદાને ધરાવી અને ત્યારપછી નવા વર્ષનાં ઘઉં વાપરવાની શરૂઆત કરવામાં આવે છે. આજે ભાવિકો, શ્રધ્ધાળુઓએ ભગવાન ગણેશજીને લાડુનો પ્રસાદ ધરાવેલ છે. આ ઉપરાંત ઘરના મુખ્ય દરવાજા ઉપર સિંદુરથી શુભ-લાભ તથા શ્રી૧ લાખવામાં આવી રહેલ છે. આજે ગણેશ ચોથની ભાવભેર ઉજવણી સર્વત્ર થઈ રહી છે. ભગવાન ગણેશજીના મંદિરોમાં વિશેષ પૂજાનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે અને ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડયા છે.

અખાત્રીજ (અક્ષય તૃતીયા)

વૈશાખ સુદ-૩ ને બુધવારનો આજનો દિવસ ખુબજ શુભ છે. આજે આ દિવસને ગણેશ ચોથ તરીકે મનાવવામાં આવી રહેલ છે. અને ભગવાન ગણેશજીની વિશેષ પૂજા સહિતનાં કાર્યક્રમો યોજાઈ રહયા છે. સાથે જ આજના દિવસે અખાત્રીજ હોવાથી આજે શુભ કાર્યો માટે ઉત્તમ દિવસ હોય, નવા મકાનમાં ગૃહ પ્રવેશ તેમજ વાહન, સોનાનાં દાગીનાની ખરીદી ઉપરાંત નવા કાર્યોની શુભ શરૂઆત પણ થઈ રહી છે. ઉપરાંત હવે લગ્નની મૌસમ પણ શરૂ થઈ રહી છે અને વૈશાખ માસમાં સંખ્યાબંધ લગ્ન સમારોહ યોજવામાં આવનાર છે. આ વર્ષે એટલે કે, વૈશાખ માસમાં લગ્નનાં મુહુર્ત હોય જેથી લગ્નગાળો શરૂ થવાના કારણે સોના-ચાંદીની બજારમાં તેજીનો દોર શરૂ થશે. ઉપરાંત લગ્નગાળો શરૂ થતો હોવાનાં કારણે બજારોમાં ખરીદી નીકળશે અને સાથે જ તેજીનો દોર શરૂ થશે તેમ મનાઈ છે.

# માળીયા હાટીના તાલુકાનાં ભંડુરી ગામનાં યુવાન પાસેથી રાજકોટનાં શખ્સે ટ્રક ખરીદી છેતરપીંડી કરી

ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

માળીયા હાટીના તાબેના ભંડુરી ગામે રહેતા યુવાન પાસેથી રાજકોટના શખ્સે હપ્તા ભરી દેવાની શરતે ટ્રક ખરીદયા બાદ હપ્તા નહી ભરી છેતરપીંડી કર્યાની ફરીયાદ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે ગોવીંદભાઈ ભીખાભાઈ ભરડાએ મોહીતભાઈ બટુકભાઈ બારૈયા વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, આરોપીએ ફરીયાદીનો અશોક લેલન્ડ કંપનીનો ઈકોમેટ આઈસર ટ્રક નં.જીજે-૧૮-બીવી-પ૯૮ ઉવાળો પ્રતિ મહિને ૩૨૯૩૦ લેખે ૪૮ હપ્તા કિ.રૂા.૧૫,૮૦,૬૪૦ના હપ્તા ભરી દેવાની શરતે લઈ જઈ એક હપ્તો ભરી બાકીના લોનના હપ્તાની રકમ રૂા.૧૫,૪૭,૭૧૦ નહી ભરી ટ્રક ગુમ કરી ફરીયાદી સાથે છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદના મંગલપુર ગામની સીમમાંથી જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૩૦

કેશોદના મંગલપુર ગામની ખારાવાળી સીમમાંથી પને રૂા.૪૪૭૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા કેશોદ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે મંગલપુર ગામની ખારાવાળી સીમ વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડી અર્જુનભાઈ લખમણભાઈ મીયાત્રા, ભરતભાઈ ગોવીંદભાઈ ખટારીયા, ધીરૂભાઈ હમીરભાઈ સુત્રેજા, મેરામભાઈ માંડણભાઈ જીલડીયા અને રાયમલભાઈ જેસીંગભાઈ મરંઢને રૂા.૪૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં જુગારના ૨ દરોડામાં ૫ મહિલા સહિત ૯ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢના ખામધ્રોળ રોડ પર આવેલ સંધીપરા વિસ્તારમાંથી બી ડીવીજન પોલીસે બે જુગાર દરોડાઓ પાડતા ૫ મહિલાઓ સહિત ૯ને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે ખામધ્રોળ રોડ ઉપર સંધીપરામાં જાહેરમાં જુગાર રમતા નરોતમગીરી શામગીરી મેઘનાથી, ઈરફાન ઓસમાન ઈસુબજઈ, જુસબભાઈ ચકુભાઈ ઠેબા અને ઈમરાન બાબુભાઈ ભટ્ટીને ૩૧૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે અન્ય દરોડોમાં સંધીપરા વિસ્તારમાંથી જ આશીયાબેન જાવીદભાઈ કુરેશી, અમીનાબેન સમાભાઈ સમા, જુમીબેન અનવરભાઈ પઠાણ, હમીદાભાઈ ઉર્ફે હવાબેન ઈસ્માઈલભાઈ પડાયા અને અમીનાબેન ઓસમાણભાઈ સુમરાને ૨૦૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરીછે.

# જૂનાગઢમાં ઓનલાઈન ક્રિકેટ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢના જવાહર રોડ પરથી ઓનલાઈન ક્રિકેટ પર સટ્ટો રમતા શખ્સને એ ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે જવાહર રોડ ૨૫૨ આવેલ આર.કે.એપાર્ટમેન્ટ પાસેથી મૌલીકભાઈ જમનાદાસ સોલંકીને ઓપો કંપનીના એન્ડ્રોઈડ મોબાઈલમાં ઓનલાઈન આઈડી દ્વારા આઈપીએલ ક્રિકેટ મેચમાં રનફેર ભાવ તથા સેસનના સોદા પોતાના શેઠ અશ્વીન રૂપારેલીયા માટે લઈ ઓનલાઈન આઈડીમાં રૂપિયાની હારજીતનો જુગાર રમી રોકડા રૂા.૫૦ સાથે કુલ રૂા.૧૦,૦૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં મહિલાના ગળામાંથી રૂા.૫૦ હજારનાં સોનાના ચેનની લુંટ કરી ઈજાઓ પહોંચાડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢના કાળવા ચોક વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન લુંટી ઈજાઓ પહોંચાડનાર શખ્સ વિરૂધ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે જશુબેન ચીમનભાઈ ચૌહાણે યુસુફશા મહમદશા રફાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે કિ.રૂા.૫૦,૦૦૦ની ફરીયાદીના ગળામાંથી ઝુંટવી લઈ જાપટો મારી ઈજાઓ પહોંચાડયા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


શ્રાવણમાં
શિવકથા હરદ્વારનું
બુકીંગ
૧૦ મે સુધી...
મો. ૯૩૭૪૦ ૩૬૧૩૭

ટેનામેન્ટ મકાન વેચવાનું છે
ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે મેઈન રોડ કોર્નરનું ૧૨૫ વાર પ્લોટ-૧૫૫૦ ફુટ કાર્પેટ ફર્નીચર સાથે
દલાલભાઈઓ આવકાર્ય છે
કોન્ટેકટ નં.૯૮૨૫૭ ૫૮૪૭૮
જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

STD 5 TO 10 ADDMISION - OPEN
E-Life Academy
JOSHIPURA
ધોરણ 8 થી 10
11-12 સાયન્સ (Maths - JEE)
Admission OPEN
જૂની શારદામણી સ્કુલ બિલ્ડીંગ, સિધ્ધેશ્વર મંદિર પાછળ, વિજયનગર-૨, જોષીપરા, જૂનાગઢ
M. 63 53 10 12 74

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
Dr. Dhaval Sanghavi's Immunita Plus
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

આ ગરમીમાં A.C. વગર ચાલશે ?
PM સુર્ય ઘર મફત વિજળી સોલાર રૂફટોપ લગાવો (રેસીડિન્સીયલ-કોમર્શીયલ-કોમન)
₹ 78000/-
TATA POWER SOLAR
adani Solar
WAAREE One with the Sun
૧૦ દિવસમાં સંપૂર્ણ ફિટિંગની ૧૦૦% ગેરંટી
સોલાર રૂફટોપ લગાવનારને Elista 3 Star 1.5 T A.C.ની M.R.P. પર ૪૦% સુધીની છૂટ *
KVP સોલાર એન્ડ સોલ્યુશન
પહેલો માળ, ઓમ પેલેસ, વાડલા ફાટક, નોવેલ્ટી ફર્નીચર સામે, વંથલી હાઈવે, જુનાગઢ. સંપર્ક : ૯૦૮૧૧૧૩૨૪૨

SUMMER AIR CONDITIONER DHAMAKA
CASH BACK up to Rs. 10000/-
FREE INSTALLATION
LG ફક્ત ₹1999/- ના સરળ હપ્તે
Whirlpool 3D Cool ફક્ત ₹33990/-
LLOYD ફક્ત ₹3025/- ના સરળ હપ્તે
BPL ફક્ત ₹3333/- ના સરળ હપ્તે
ONIDA ફક્ત ₹2025/- ના સરળ હપ્તે
CELLECOR ફક્ત ₹30990/-
Godrej 5 Year Full Warranty + With Gas Charging & Remote
FINANCE BAJAJ FINSERV HDFC BANK IDFC FIRST Bank
VASILA Electronics
Crystal Complex, Above Bank of Baroda, Hall No.-2, Chitakhana Chawk, Junagadh. Mo.8866068604

રામબાણ આર્યુવેદિક ફાકી
૧૦૦% નહી ૧૫૦% ની મની ગેરેંટી
સંધિવા, શરીરનાં પગનાં અને ગોઠણનાં દુઃખાવા માટે સૌથી વધુ અસરકારક...
આ ફાકીમાં સ્ટીરોઈડ કે પેઈનકીલર નથી તેની મની ગેરેંટી
આ ફાકી કબજીયાત, ડાયાબીટીસ, સંધિવા, શરીરનાં પગનાં અને ગોઠણનાં દુઃખાવા, જૂની કબજીયાત, વજન ઘટાડવા માટે અને કોલેસ્ટ્રોલ માટે ખૂબજ અસરકારક ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરેંટી સાથે...
લેવાની રીત
સવારે ભુખ્યા પેટે ૧ ચમચી નવશેકા પાણી સાથે લેવી.
આ ફાકીનો ત્રણ મહીનાનો કોર્ષ કરવાથી ચમ્તકારીક પરીણામ આવેછે.
૧૫ દિવસ ની પ્રાઈઝ રૂ.૨૨૫/- છે.
આ એક જ ફાકી આ બધી બીમારી માટે રામબાણ છે.
(૧) :: ફાકી લેવા માટે સંપર્ક ::
સૌરાષ્ટ્ર ભુમિ બ્યુરો ઓફીસ,ગુલાબ વાડી પાસે, ખોજાવાડ ચોક નજીક, જૂનાગઢ. મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
(૨) દિનેશ એજન્સી (આર્યુવેદીક દવાઓનાં ડીલર) આઝાદ ચોક (જૂનાગઢ). મો ૯૯૨૫૫ ૧૧૯૯૭
વધુ માહીતી માટે મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો
Chilli Powder
TURMERIC POWDER